समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૩ ફેબ્રુઆરી : ૨૦૦૯ અંક : ૮

**: પરામર્શનસમિતિ :**

| નારાયણ દેસાઈ | ભોળાભાઈ પટેલ | ભારતી ર. દવે |
|---|---|---|
| પ્રમુખ | વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય | પ્રકાશનમંત્રી |

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
પ્રફુલ્લ રાવલ


**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ ૦ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org







## અ નુ ક્ર મ


| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | ડાયોસ્પોરિક સમ્મેલન નિમિત્તે... • નારાયણ દેસાઈ |
| **તંત્રીસ્થાનેથી** | શ્રી સુમન શાહને અભિનંદન • યોગેશ જોષી |
| **કવિતા** | ગૃહિણી • હરીશ મીનાશ્રુ, સ્વપ્નાનુભૂતિ • રાજેશ પંડ્યા, ખામી • પ્રવીણ પંડ્યા |
| **નિબંધ** | જયંત કોઠારી : સંસ્મરણ • જયંતીલાલ દવે |
| **વિદેશી સાહિત્ય** | ચાર કાવ્યો • મિરિયમ મરીનો, અનુ. પ્રદ્યુમ્ન તન્ના |
| **શતાબ્દીવંદના** | કુંડી : એક નિસબતકથા • મોહનલાલ પટેલ |
| **વિશેષ** | ‘ફટફટિયું’ વાર્તાસંગ્રહને એવૉર્ડ... નિમિત્તે થોડુંક... • રાધેશ્યામ શર્મા |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | નવલવિશ્વ : કથાસાહિત્યવિષયક વાંચવા જેવો વિવેચનગ્રંથ • બાબુ દાવલપુરા, કાવ્યામૃતનું પાન • અજય પાઠક, અમદાવાદ વિશે • જયકુમાર ર. શુક્લ |
| **પરિષદવૃત્ત** | સંકલન : અનિલા દલાલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : પ્રફુલ્લ રાવલ |
| **આવરણચિત્ર** | પ્રદ્યુમ્ન તન્ના |

# પરિષદ-પ્રમુખનો પત્ર

## ડાયોસ્પોરિક સમ્મેલન નિમિત્તે....

દુનિયાના જુદા જુદા દેશોમાં જઈ વસેલા ગુજરાતીઓનું એક સમ્મેલન અમદાવાદમાં ગઈ દશમી અને અગિયારમી જાન્યુઆરીએ ક્રમશઃ ગૂજરાત વિદ્યાપીઠ અને સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક ભવનમાં ભરાઈ ગયું. એમાં પ્રતિનિધિ તરીકે હાજરી આપનારાઓ સારુ 'ડાયોસ્પોરા' શબ્દ વપરાય છે. એ શબ્દનું મૂળ ગ્રીક ભાષામાં છે અને તેનો ધાત્વર્થ વિખેરાયલા એવો થાય છે. ઇઝ્રાઇલ દેશમાંથી વિખેરાઈને દુનિયામાં ઠેકઠેકાણે જઈ વસેલા યહૂદીઓ સારુ આ શબ્દ વપરાયો છે. મને તો આ લોકોને વિશ્વનિવાસી ગુજરાતીઓ કહેવાનું ગમે.

આ બંને દિવસોનાં ભાષણો ઉપરથી એવી છાપ પડી કે અલગ અલગ દેશમાં વસતા ગુજરાતીઓ પોતાની કાંઈક અલગ અસ્મિતા અનુભવે છે અને સાથે સાથે મૂળ વતન ગુજરાત સાથે પણ સ્નેહતાંતણો સંધાયલો રાખવા માગે છે. વળી ગુજરાતીઓ પોતાની અંદરના ન્યાતજાત, ધર્મસંપ્રદાયના ભેદભાવો ભૂલી ગુજરાતીઓ તરીકે જ ઓળખાય એવી લાગણી પણ કેટલાક વક્તાઓનાં ભાષણોમાં પ્રગટ થઈ, જે વધાવી લેવા જેવી હતી.

આ સમ્મેલનમાં હાજર રહેલાં નરનારીઓની સરેરાશ ઉંમર સાઠ વર્ષથી ઉપરની હશે. એમના પછીની પેઢી પોતપોતાના કામધંધામાં વ્યસ્ત હશે. ભાષણોમાં એમને વિષે એવી વાત કહેવાઈ કે સામાન્યપણે આ પેઢી જે જે દેશમાં જઈને વસી કે જન્મી છે, ત્યાંની પ્રજાના મુખ્ય પ્રવાહ સાથે ખૂબ ભળી ગઈ છે અને જીવનનાં અનેક ક્ષેત્રોમાં તે આગળપડતું સ્થાન ભોગવતી થઈ ગઈ છે. એ પેઢીના લોકો વિષે એવો પણ ઉલ્લેખ થયો કે ગુજરાતી ભાષાથી તેઓ વિખૂટા પડતા જાય છે.

મુખ્ય પ્રવાહમાં દૂધ-સાકરની જેમ ભળી જવું અને એ પ્રવાહમાં આગળપડતું સ્થાન ભોગવવું એ ગૌરવની વાત છે, પણ મૂળ પ્રવાહથી વિખૂટા પડી જવું એ નહીં. વિશ્વનિવાસી ગુજરાતી યુવા પેઢી ગુજરાતી ભાષાથી વિખૂટી પડે એ એમને કે એમના મોટેરાઓએ ગૌરવ લેવા જેવો વિષય નથી. ગુજરાતી જુવાન જે દેશમાં જઈને વસ્યો હોય ત્યાંની ભાષા તો એ જરૂર અપનાવે. એમાં જ એનું ગૌરવ છે. પણ ગુજરાતમાં એનાં મૂળિયાં હોવાને લીધે જે સંસ્કૃતિનો એને અનાયાસ વારસો મળ્યો છે, એ એણે ગુમાવવા જેવો નથી. ગુજરાતી ભાષાનો તાંતણો એને નરસિંહથી ગાંધી સુધી બાંધે છે. એ ટૂટવો ન જોઈએ. આ અંગે મોટી પેઢીની જવાબદારી વિશેષ ગણાય. આ સમ્મેલનના વક્તાઓ સૌ ઉત્તમ ગુજરાતી બોલતા હતા. એ લોકોએ જુવાનીમાં પોતાનાં બાળકો જોડે પૂરતો સમય આપ્યો હતો ખરો ? એ પોતાના પરિવારનાં બાળકોને ગુજરાતીથી વિખૂટાં કેમ પડવા દે ? જે પેઢીના લોકો પોતાના પછીની પેઢીનાં યુવક-યુવતીઓએ જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં સાધેલી પ્રગતિ વિષે ગર્વ અનુભવતા હોય તેમના ઘરમાં ગુજરાતી સંસ્કાર જળવાઈ રહે તે અંગે તેઓ આટલા ઉદાસીન કેમ રહી શકે ?

છે કે એને પિંડ અને બ્રહ્માંડના સંચારમાં કાંઈક સરખાપણું દેખાતું થયું છે. ઋષિ-મુનિઓ કે યોગીઓ ચિંતન-મનન કે ધ્યાનથી જોઈ-અનુભવી શકતા હતા તેના જેવું એકત્વ

ગુજરાતવાસી હો, કે વિશ્વનિવાસી હો, જે જે લોકો પોતાની અસ્મિતા શોધે છે તેમણે ગર્વ અને ગૌરવ વચ્ચેનો ભેદ સમજવો પડશે. ગર્વ માણસને માણસથી વિખૂટો પાડે છે; માણસ જ્યારે માણસ સાથે એકાત્મતા અનુભવે છે ત્યારે તે બંનેનું ગૌરવ વધારે છે. અસ્મિતા શોધનાર વિશ્વનિવાસી ગુજરાતી પોતાની ન્યાતિના કે સંપ્રદાયોનાં અલાયદાં દેવસ્થાનો બાંધીને કે રૂઢિ-રિવાજોને વળગી રહીને જે જાળવવા મથે છે તે ગર્વ છે, ગૌરવ નહીં.

ખરું જોતાં વિશ્વનિવાસી ગુજરાતીઓએ એ વાતનો ગંભીરતાથી વિચાર કરી લેવો જોઈએ કે આપણા સૌનાં જીવનમાં હવે સાચું ગૌરવ લેવા જેવા વિષય કયા છે. ગરીબીમાં રહેતા કે મુશ્કેલીઓ વચ્ચે રહેતા લોકો, અનેક કષ્ટો ભોગવી એ ગરીબી અને એ મુશ્કેલીઓમાંથી બહાર નીકળી ગયા એ હરખાવા જેવો વિષય અવશ્ય છે. પૂર્વ આફ્રિકાથી તગેડાઈને આવેલા ગુજરાતીઓએ ઇંગ્લેન્ડમાં લેસ્ટર જેવાં શહેરોની શિકલ બદલી નાખી એ કોઈ નાનીસૂની વાત નથી. પણ માણસ માત્ર રોટલો ખાઈને જીવતો નથી. એણે માણસ તરીકે જીવવા સારુ સુસંસ્કારી થવું પડે છે. આ સુસંસ્કૃત થવું એટલે શું ? મારા નમ્ર મત મુજબ, જો કોઈ વ્યક્તિ, સમૂહ કે કોમ નીચેની ત્રણ પ્રકારની પ્રગતિ કરે એ સાચી સંસ્કૃતિ તરફ આગળ વધેલ ગણાય :

૧. જે પોતાની જાત સાથેના પ્રશ્નો ઉકેલી શકે તે,

૨. જે સમાજના ભેદોમાંથી ઉપર ઊઠીને અભેદ તરફ આગળ વધે તે, અને

૩. જે સૃષ્ટિ સાથે સંવાદિતા સાધીને જીવે તે.

માણસ વ્યક્તિ, સમષ્ટિ અને સૃષ્ટિ સાથેના પ્રશ્નો ઉકેલવામાં જેટલે અંશે સફળ થશે એટલે અંશે તે વધુ સુસંસ્કૃત ગણાશે.

આપણા વિશ્વનિવાસી ગુજરાતીઓની યુવા પેઢી, જે બીજી અનેક બાબતોમાં મુખ્ય પ્રવાહના લોકો જોડે બરાબરી કે આગેવાની કરતી થઈ છે, તેણે હવે આ બાબત આગેવાની લઈ આવતી કાલના વિશ્વની પ્રગતિમાં પોતાનો ફાળો નોંધાવવાનો છે. આ બાબતમાં કદાચ આજે તે જે દુનિયામાં જીવે છે તેના કરતાં એને જે સંસ્કૃતિનો વારસો મળ્યો છે, તેમાંથી તે વધુ શક્તિ અને પ્રેરણા મેળવી શકશે.

આજના મુખ્ય પ્રવાહની સરેરાશ વ્યક્તિ દેહને મુખ્ય ગણીને આત્માના વિકાસ તરફ ઓછું ધ્યાન આપે છે; સાધનસામગ્રીના સંગ્રહ કરતાં ગુણવર્ધન તરફ ઓછું ધ્યાન આપે છે. સારા બનવા કરતાં તે સારું મેળવવાની વધુ ખેવના રાખે છે. આ ખેવનામાંથી એના વ્યક્તિગત જીવનના આદર્શો ઘડાય છે. તે વિકાસ અને વિલાસિતા વચ્ચે વિવેક કરી શકતી નથી. ભોગ અને ત્યાગ વચ્ચેની ભેદરેખા આંકી શકતી નથી અને સમાજના ગાડરિયા પ્રવાહમાં એવી તણાય છે કે પોતાનું વ્યક્તિત્વ જ ખોઈ બેસે છે.

વિજ્ઞાન અને ટેક્નૉલોજીએ આજની પેઢીને ગતિ અને શક્તિ આપી છે. તેથી તે પૃથ્વી અને બ્રહ્માંડનાં રહસ્યો શોધવામાં મસ્ત છે અને એને સાંપડતાં ફળોનો ઉપભોગ કરવામાં મસ્ત છે. આ ગતિ અને આ શક્તિ લઈને તે દોટ મૂકે છે. પણ દિશા-સૂઝના અભાવને લીધે ઘણી વાર એની દોટ આંધળિયા-દોટ બની જાય છે. એ જો સાવધ બને તો એને દિશા પણ મળી શકે એમ છે. વિજ્ઞાન આજે માણસને એટલે સુધી લઈ ગયું

આજે વિવિધ ક્ષેત્રોના વિજ્ઞાનીઓ પોતાના નિરીક્ષણ અને પ્રયોગોથી જોતા થયા છે. વિજ્ઞાન અને અધ્યાત્મ આજે નિકટ આવી રહ્યાં છે, ત્યારે આપણી નવી પેઢીને એ બંનેનો સમન્વય સાધી એમાંથી આવતી કાલની દુનિયાના પ્રશ્નો ઉકેલવામાં આગેવાની લેવાની તક છે. ગુજરાતી ડાયોસ્પોરા હવે માત્ર વતનના ઝુરાપાનાં કાવ્યો નહીં રચે – (જોકે જાણકારો એ બાબત તરત સમ્મત થશે કે વિરહવેદનાના ઊર્ધ્વીકરણનું જૂનું અને જાણીતું સાધન કાવ્ય છે !) હવે તે જગત આખાને વતન બનાવી જાગતિક દૃષ્ટિએ વૈશ્વિક પ્રશ્નો ઉકેલવામાં આગેવાની કરી શકે.

આજ અને આવતી કાલના પ્રશ્નોને આપણે ત્રણ પ્રકારોમાં વહેંચી શકીએ :

૧. માણસના પોતાની જાત સાથેના પ્રશ્નો,

૨. માણસના બીજા માણસો સાથેના પ્રશ્નો, અને

૩. માણસના સૃષ્ટિ સાથેના પ્રશ્નો.

આ ત્રણ મથાળાં હેઠળ આપણે અંતઃશાંતિથી માંડીને વિશ્વશાંતિ સુધીના તમામ પ્રશ્નોને આવરી લઈ શકીએ એમ છીએ. આમાં માનસિક બેચેનીથી માંડીને વિચ્છિન્ન વ્યક્તિત્વ સુધીના પ્રશ્નો, સામાન્ય કજિયા-કંકાસથી માંડીને યુદ્ધ અને મહાયુદ્ધ સુધીના પ્રશ્નો, અને પાણીના પ્રદૂષણથી માંડીને ગ્લોબલ વૉર્મિંગ, પ્રલયકારી ભૂકંપો કે સુનામી સુધીના પ્રશ્નોનો સમાવેશ કરી શકીએ એમ છીએ. હવે એ પણ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે આ ત્રણે પ્રકારના પ્રશ્નો એકબીજા સાથે સંકળાયેલા છે. મનુષ્યનો સ્વભાવ એના સામાજિક સંબંધો ઘડે છે અને સમાજની જીવનશૈલી સૃષ્ટિ સાથેના અનેક પ્રશ્નો ખડા કરે છે.

આવા સંકુલ પ્રશ્નોને ઉકેલવામાં આપણી યુવા પેઢી જેટલી સક્રિય બનશે એટલી એ વિશ્વ-નાગરિકત્વ તરફ અગ્રસર થશે. આ પ્રશ્નોની વિશાળતા, એના ગૂંચવાડા અને એની ભયાનકતા જોઈને કેટલાક ચિંતકો એમાંથી સર્વનાશનું ભવિષ્ય ભાખે છે, આમ વિચારનારાઓની ચેતવણી એ હસી કાઢવા જેવી નથી. એની પાછળ આજની પરિસ્થિતિની વાસ્તવિકતા છે. આવી ચેતવણી આપીને એ લોકો આપણને આ બાબત સજાગ કરે છે.

બીજી બાજુ જગતનું ભાવિ ઊજળું ભાળનારા પણ છે. આમાં એમને સામેલ નથી ગણતો જે બાકીના વિશાળ સમાજ કરતાં પોતાને આગળ ગણે છે અને પોતાનો સંકુચિત સ્વાર્થ સાધવા સારુ માણસજાતને કે સૃષ્ટિને નુકસાન કરવામાં જે સંકોચ અનુભવતા નથી. એવો વિચાર કરનાર લોકો ગમે તેટલા ધનવાન, મહત્ત્વાકાંક્ષી રાજનેતાઓ કે લશ્કરી વડા અથવા માહિતીના નિર્ધારકોનો હોય, એ ટકવાના નથી. કારણ હવે માનવતાનું ભવિષ્ય કોઈ એક વ્યક્તિ, જૂથ, કંપની, કૉરપોરેશન કે રાષ્ટ્ર નક્કી કરી શકવાનું નથી. દુનિયા હવે એવી સંકુલ બની ગઈ છે કે પૂરી માનવતાનું ભવિષ્ય એ સહિયારું ભવિષ્ય છે.

પણ સહિયારા ભવિષ્યને સમજનારામાં પણ કેટલાક ભાવિ અંગે આશાવાન છે. એમની પાસે તર્ક છે. તર્કથી એ છેટા રહેતા નથી. પણ એમના આશાવાદની પાછળ મુખ્ય પીઠબળ શ્રદ્ધાનું છે. એ શ્રદ્ધા તર્કને અવગણતી નથી, પણ તર્કથીયે ઉપર છલાંગ મારવા ચાહે છે, એ શ્રદ્ધા આધ્યાત્મિક પણ હોય અને વિજ્ઞાન પરત્વેનીયે હોય. એ શ્રદ્ધા પાછળ આઇનસ્ટાઇન જેવા વિજ્ઞાનીની ખોજ હોય, શ્રી અરવિંદની આધ્યાત્મિક ખોજ હોય, માણસ માત્રમાં સદ્અંશ જોનાર ગાંધીની સત્યની ખોજ હોય કે પૃથ્વી પર જન્મ લેતું દરેક નવું બાળક એ સૂચવે છે કે ઈશ્વરે માણસ વિષે સાવ આશા ખોઈ નથી એમ કહેનાર કવિવર ટાગોરની ક્રાંતદૃષ્ટિ હોય.



આ સૌ ચિંતકોએ કોઈ પણ પ્રકારના સંકુચિત સ્વાર્થથી વિચાર નથી કર્યો. સૌએ માનવતાના સહિયારા ભવિષ્યનો વિચાર કર્યો છે અને માણસ કરતાં મોટી કોઈ શક્તિનો વિચાર કર્યો છે. એમના એ દર્શન પાછળ આપણને વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય થતો દેખાય છે. એ સમન્વયની દીપશિખાને આગળ ધરીને આપણી યુવા પેઢી – પછી એ ડાયોસ્પોરિક હોય, ગુજરાતી હોય, ભારતીય હોય કે જગતના બીજા કોઈ દેશની નિવાસી હોય, જીવ માત્ર વિષે આશા સેવતું સકારાત્મક વલણ ધરાવી, ચોક્કસ ને મક્કમ પણ શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક ડગલાં માંડી આગળ વધે એવી આ ડાયોસ્પોરિક સમ્મેલન નિમિત્તે શુભેચ્છા.

**– નારાયણ દેસાઈ**

❐

# તંત્રીસ્થાનેથી...

## શ્રી સુમન શાહને અભિનંદન



વિવેચક, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, સંશોધક, સંપાદક, અનુવાદક એવા સુમન શાહને એમના વાર્તાસંગ્રહ 'ફટફટિયું' માટે ૨૦૦૮ના વર્ષનો સાહિત્ય અકાદમી, દિલ્હીનો એવૉર્ડ જાહેર થયો છે.

નાકની દાંડી પર સાવ નીચે રાખેલા લંબચોરસ કાચના પાતળી ફ્રેમવાળાં નાજુક ચશ્માં, વાંચતી વેળા ચશ્માંના કાચમાંથી જુએ, એ સિવાય ચશ્માંની ઉપરથી. સૂક્ષ્મ અવલોકન-નિરીક્ષણ-પરીક્ષણ કરતી નજર, દૃષ્ટિ. આંખોમાં સાહિત્ય માટેની ખેવના તગતગે, કપાળમાં સાહિત્ય માટેની ચિંતાની રેખાઓ અવારનવાર ઊપસી આવે, શ્યામળું ઘાટીલું મુખ. ભરાવદાર ભમ્મરો, હોઠ પર મર્માળુ સ્મિત ક્યારેક આવી ચડે. ઋજુ-મૃદુ અવાજે ધીમે ધીમે વાત કરતા જાય. શરીરનો મેદ પણ એમણે વધવા નથી દીધો. સરસ ધોયેલા, ઓળેલા, રંગેલા વાળ. ચીવટથી પસંદ કરેલાં-પહેરેલાં સરસ શર્ટ-પેન્ટ. હંમેશાં સુસજ્જ – બહારથી અને ભીતરથી પણ. સતત સ્વાધ્યાય થકી તેઓ સજ્જ થતા રહે. મિત્રો-અધ્યાપકો-વિદ્યાર્થીઓની સજ્જતા વધતી રહે એ માટેય તેઓ એટલી જ ખેવના ધરાવે. પૂરતી સ્વતંત્રતા નહિ મળવાના કારણે જ કદાચ, કોઈ સંસ્થાના બંધિયાર ચોકઠામાં રહીને કામ કરવાનું એમને ઝાઝું ફાવ્યું નથી. આથી એમણે મિત્રો સાથે 'સંનિધાન' કે 'સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમ' જેવાં નાનાં એકમો કે વર્તુળો રચ્યાં ને સતત કામ કરતા રહ્યા. વિદ્યાર્થીઓ-અધ્યાપકોની સજ્જતા વધે એવી 'સંનિધાન'ની શિબિરોનાં સુંદર આયોજનો-સંયોજનો તથા વિનોદ જોશી દ્વારા સંચાલિત 'ક્વિઝ' આદિ તરત યાદ આવે. સાથે જ 'સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમ' પણ યાદ આવે. સુરેશ જોષી સ્કૂલના વિદ્યાર્થીઓ-અધ્યાપકો શરૂઆતમાં કેવળ 'આધુનિકતા'ની બારીમાંથી જોતા. સુરેશ જોષીના નામ સાથે ચાલતી સાહિત્યવિચાર ફોરમની શિબિરોમાં બધીયે બારીઓ અને બારણાં ખુલ્લાં રહે છે, સ્વસ્થ-મુક્ત ચર્ચાઓ થતી રહે છે ને વાત ઊઘડતી-બનતી આવે છે; વાર્તા તથા નવા વાર્તાકારોના ઘડતરની દિશામાં કામ થતું રહે છે.

સુમન શાહનો જન્મ ૧-૧૧-૧૯૩૯ના રોજ ડભોઈમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ડભોઈમાં. મ. સ. યુનિવર્સિટી, વડોદરામાં સુરેશ જોષી પાસે તેઓ સાહિત્યદીક્ષા પામ્યા. ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે ૧૯૬૪માં એમ.એ.; ગૂજરાત વિદ્યાપીઠમાંથી ૧૯૭૮માં વિદ્યાવાચસ્પતિ. ગુજરાતી-સંસ્કૃતની સાથે સાથે તેઓ પશ્ચિમના સાહિત્યનોય રસપૂર્વક અભ્યાસ કરતા રહ્યા. ૧૯૬૪થી ૧૯૬૬ સુધી ઉપલેટા અને ત્યારબાદ ૧૯૭૨ સુધી કપડવંજની કૉલેજમાં અધ્યાપન. ૧૯૭૨થી ૧૯૭૭ સુધી બોડેલીની આર્ટ્સ કૉલેજમાં આચાર્યની કામગીરી. ૧૯૭૭થી ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં રીડર, પ્રોફેસર તથા અધ્યક્ષ તરીકે કામ કર્યું. તેઓ અધ્યક્ષ થયા એ પછી એક વાર એમની ચૅમ્બરમાં જવાનું થયેલું. જોયું તો એમનું ટેબલ પરંપરા મુજબ નહિ, પણ થોડું ત્રાંસું ગોઠવેલું હતું. પરંપરાથી ઉફરા ચાલીને અલગ કેડી કંડારવાની ખેવના એમને સતત રહી છે. અધ્યયન-અધ્યાપન ક્ષેત્રે એમણે સતત નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે. ૨૦૦૨માં તેઓ ભાષાભવનમાંથી નિવૃત્ત થયા. એ પછી એમને યુ.જી.સી.ની 'ઇમેરિટ્સ પ્રોફેસર'-ફેલોશીપ પ્રાપ્ત થયેલી. ગુજરાત સાહિત્ય અકાદમીના સામયિક 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક તરીકે તેમણે થોડો સમય કામ કર્યું હતું અને 'શબ્દસૃષ્ટિ'ની આગલી ઓળખ ઊભી કરી હતી. સર્જાતા સાહિત્યનાં અવલોકન-સ્વાધ્યાય-સમીક્ષા-વિવેચન સમયસર થતાં રહે એ અંગે તેઓ સભાન હતા. સુરેશ જોષીનું વાર્ષિક 'સાયુજ્ય' બંધ થયા બાદ તેમણે 'સંધાન' નામે વાર્ષિક શરૂ કરેલું, જેના ચારેક અંકો થયેલા. બાવીસેક વર્ષથી તેમના તંત્રીપદે 'ખેવના' સામયિક ચાલે છે. જે સાચું લાગે એ તેઓ નિર્ભીકપણે સ્પષ્ટ લખતા રહ્યા છે ને ચર્ચા-ઊહાપોહ જગાવતા રહ્યા છે.

૧૯૭૬માં તેમની પ્રયોગશીલ વાર્તાઓનો સંગ્રહ 'અવરશુંકેલુબ' પ્રગટ થયો. જેના વિશે ચંદ્રકાન્ત ટોપીવાળાએ નોંધ્યું છે – '' 'અવરશુંકેલુબ' વાર્તાસંગ્રહની, પ્રયોગશીલતાથી બોધકથાને વાર્તાસ્વરૂપમાં ઊંચકતી એમની વાર્તાઓ ભાષાસંવેદનની મુદ્રા ઉપસાવવામાં વધુ સક્રિય છે.'' આપણા મોટા ભાગના લેખકો ચરખો ચલાવતાં આવડે એ પછી આજીવન ચલાવતા જ રહે છે, એનું એ કાંતતા જ રહે છે, પોતાનાં જ પુનરાવર્તનો કરતા રહે છે પણ સુમન શાહ નવાં ટૂલ્સની શોધ કરતા રહે છે, નવી ટેક્નિકની મથામણ ચાલતી રહે છે. 'અવરશુંકેલુબ' સાથે જ એ પ્રકારની વાર્તાઓનો દોર પૂરો થાય છે. એમની અંદરનો સભાન વિવેચક એ પ્રકારની વાર્તાઓની સાર્થકતા-નિરર્થકતા બરાબર પિછાણે છે. આથી જ તો એ પછીની વાર્તાઓ નવી વેઇનમાં ચાલે છે. પ્રથમ વાર્તાસંગ્રહ પ્રગટ થયા બાદ, સોળ વર્ષ પછી ૧૯૯૨માં એમનો બીજો વાર્તાસંગ્રહ 'જેન્તી-હંસા સિમ્ફની' પ્રગટ થાય છે. આ બધી વાર્તાઓમાં જેન્તી-હંસા વચ્ચે જ નહિ, પરંતુ પાત્રો, પાંખી ઘટનાઓ તથા ભાષાકર્મનીય સિમ્ફની રચવાનો પ્રયાસ થયો છે. એ પછી ચૌદ વર્ષે ૨૦૦૬માં ત્રીજો વાર્તાસંગ્રહ 'ફટફટિયું' પ્રગટ થાય છે. આ દોર વળી જુદી વેઇનમાં ચાલે છે. આ વાર્તાઓના રચનાકાળ દરમિયાન 'સુરેશ જોષી સાહિત્યવિચાર ફોરમ'ની શિબિરો નિયમિત યોજાતી રહી છે ને 'ફટફટિયું'ની મોટા ભાગની વાર્તાઓ આ શિબિરોમાં વંચાતી-ચર્ચાતી રહી છે. વાસ્તવ, ફૅન્ટસી, ભાષાકર્મ, પાત્રો, પરિસ્થિતિ, ઘટના, પ્રતીક આદિના સંયોજન થકી કલાત્મકતાને તાગતી, નવોન્મેષ પ્રગટાવવા મથતી કેટલીક વાર્તાઓ 'ફટફટિયું'માંથી મળે છે. લાંબી-ટૂંકી વાર્તા રચવામાં વાર્તાકારની કસોટી થાય છે. 'વર્ચ્યુઅલી રીયલ સૂટકેસ', 'ફટફટિયું', 'જામફળિયામાં છોકરી' જેવી લાંબી ટૂંકીવાર્તાઓ કથનકળાના બળે ગતિ કરતી રહે છે. તાજેતરમાં 'પરબ' તથા 'શબ્દસૃષ્ટિ'માં પ્રગટ થયેલી વાર્તાઓ જોતાં લાગે કે હવે 'ફટફટિયું' પછીની વાર્તાઓનો નવો દોર શરૂ થઈ ચૂક્યો છે.

સુમન શાહ પાસેથી સિત્તેર જેટલા ગ્રંથો સાંપડ્યા છે. ત્રણ વાર્તાસંગ્રહો ઉપરાંત 'ખડકી' તથા 'બાજબાજી' જેવી નવલકથાઓ, 'વેઇટ-એ-બિટ્' તથા 'વસ્તુસંચાર' જેવા નિબંધસંચયો પણ એમની પાસેથી મળ્યા છે. સુરેશ જોષીના આ તેજસ્વી વિદ્યાર્થી, પ્રાધ્યાપક સર્જક કરતાંયે વિવેચક તરીકે વધારે ખ્યાતિ પામ્યા છે. આધુનિક કથાસાહિત્યને એમણે બરાબર ઝીલ્યું છે, ભીતર ઉતાર્યું છે ને પછી વિવેચન રૂપે પ્રત્યક્ષ કરી આપ્યું છે. 'ચંદ્રકાન્ત બક્ષીથી ફેરો' (૧૯૭૩) એનું ઉદાહરણ છે. 'સુરેશ જોષીથી સુરેશ જોષી' (૧૯૭૮), 'સાહિત્યસંશોધન વિશે' (૧૯૮૦),

'સાર્ત્રનો સાહિત્યવિચાર' (૧૯૮૦), 'સંરચના અને સંરચન' (૧૯૮૬), 'સાહિત્યમાં આધુનિકતા' (૧૯૮૮) જેવા સંશોધન-વિવેચનગ્રંથો એમણે આપ્યા છે. 'નિરંજન ભગત' (૧૯૮૧), 'ઉમાશંકર : સમગ્ર કવિતાના કવિ – એક પ્રોફાઇલ' (૧૯૮૨) તથા 'કવિ વિવેચક એલિયટ' (૧૯૮૯) જેવા અધ્યયનગ્રંથો એમની પાસથી મળ્યા છે. 'કથાપદ' તથા 'કાવ્યપદ' પણ તેમનાં મહત્ત્વનાં પુસ્તકો છે. એન્તન ચૅખોવ કૃત 'થ્રી સિસ્ટર્સ'નો અનુવાદ 'ત્રણ બહેનો' (૧૯૬૫) તથા દોસ્તોવ્સ્કી કૃત 'ધ મિક વન'નો અનુવાદ 'વિનીતા : એક કપોલકલ્પિત' (૧૯૮૫) જેવા સહજ-સુંદર અનુવાદો પણ એમણે આપ્યા છે.

સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા પુરસ્કૃત, વિવેચન-સર્જનક્ષેત્રે નિષ્ઠાપૂર્વક-ખેવનાપૂર્વક સતત કામ કરતા રહેતા ડૉ. સુમન શાહને અભિનંદન.

**– યોગેશ જોષી**

❐

# કવિતા

## ગૃહિણી | હરીશ મીનાશ્રુ

('ગૃહસ્થસંહિતા' કાવ્યગુચ્છમાંથી)

**૧**

સવારે
બારીના કાચ પર કાચી ઊંઘના ઓઘરાળા.
ચશ્માં પર ચળકે છે ટૂંકી દૃષ્ટિના તડકાનો એક કાચો તાંતણો.
લંબાય છે એક ઘરગથ્થુ હાથ :
ચિનાઈ માટીની તરલ વ્યંજના, કડીમાં ભેરવાયેલી તર્જની,
કૂણી નખપાંદડી, ઓસનું બુંદ.
વરાળની જેમ મારા નાસાપુટોમાં થઈને
દેહમાં ઘૂસી જાય છે
ફૂદીનાની ગંધવાળી ગૃહિણી
ને અધિકારપૂર્વક ફંફોસી લે છે દુઃખતું હૃદય,
ઇલાયચીના આકારનું. સવારે.

રાતે,
બધું પરવારીને, એ જ હાથે
કલવો પીરસતી હોય એમ ધરે છે સુદર્શનઘનવટી,
વસ્ત્ર જરાતરા ઊંચું કરીને
કુબ્જિના નાનકડા દડાના રંગના ઊજળા ઘૂંટણ પર
મસળે છે બામ ને
અમારા વિશ્રંભને પામેલા સહશયનમાં
ઘૂસી જાય છે કપૂરની ગંધવાળી નિદ્રા
ઇજમેટનાં ફૂલનાં સ્વપ્ન. રાતે.

ફૂદીનાને ફૂટી નીકળે છે નવી નવી પત્તીઓ,
અને હૃદયને નવી નવી પીડાઓ, —
રાત દરમિયાન
ગૃહિણીની મરજી મુજબ.

૨

બજારમાંથી કૈં લાવવાનું છે કે ?
હું આંગણામાં ઊભો ઊભો મોરની ગરદન પર મફલર વીંટાળું છું.
ત્યાં
અચાનક
અગાસીની પાળીએથી
પરંપરિત ઝૂલણામાં ગૃહિણી લહેરાવે છે
તડકીછાંયડીની ભાતવાળું,
હમણાં જ નિચોવેલું આમળા ચડેલું લહેરિયું.
ને એવા તો જોરથી છટકોરે છે
કે ફર ફર ફર મસ્તક પર ગાલ પર પાંપણ પર નાસિકા પર હોઠ પર
છંટાય છે લટકચમેલીનાં લટકાં લાખ કરોડ...

હું નહોતો જાણતો કે
માગશર મહિનાનો આ પવન પણ મફલર જેટલો જ ગળેપડુ હશે !

૩

અમથું અમથું
હોઠે આવી ચડતા
અમથું અમથું ગમતા
જૂના ફિલ્મી ગીતનાં પંચમહાભૂતમાંથી ઘડાયેલી છે
એના ચહેરાની તરજ.

૪

કોક વાર
બારી કને બેસી
ભીના પવનની લહર પર
એ ભરે છે રબારી ભરત.
હું પાક્કા રંગીન દોરાની દડી હોઉં
એમ મારા મર્મસ્થળમાંથી ઊખેળતી જાય છે
મનગમતા રંગનો તાંતણો
છેક અંદરથી તાણીને.

અહીં ઊકલતો જાઉં છું
ને પણે ભરાતો જાય છે
કળાયલ મોર.

મોરપગલે
અષાઢ મારી પીઠ પાછળથી સરકી જાય છે
પરપુરુષની જેમ.

૫

આસ્તે આસ્તે
અસ્તાચળે જઈ રહ્યો છે સંસાર.
નથી કોઈ ભાષા, નથી કોઈ ભંગિ :
અમે બેઠાં છીએ સામસામે.
વચ્ચે ડાઇનિંગ ટેબલ પર તાસકમાં
તાજા કાપેલા પપૈયાની ચીર,
તૂટેલી કીડિયાસેર કાળાં મોતીની.

કેસરમાં ઝબોળેલા દ્વિજચન્દ્રમાંથી
દદડે છે રસ.

ગૃહિણીને એ જ વાતની તો ચિંતા છે :
આ પાક્કા પીળા રંગના ડાઘા
હવે કેમ કરીને જશે ?

૬

દિવાળી વખતે
માળિયું સાફ કરતાં
કેડેથી કસીને એણે સાડીનો કાછડો એવો વાળ્યો હોય કે
અદ્દલ મરેઠણ જ જોઈ લો,
કોક વાર ઠાલવી દે આખું કચોળું
અણગમતી ગંધવાળા અરીઠા-શિકાકાઈના તેલનું
છુટ્ટા લાંબા વાંકડિયા વાળમાં
ત્યારે ચીક્કટવાળા સ્હેજ શ્યામળા ચહેરા પર મોટા લાલ ચાંદલે
માણેકચોકની મદ્રાસણ, ક્યારેક પંજાબી કુર્તા ને સુરવાલમાં
સોહે સોહિણી, મહિવાલની.
ક્યારેક સાડીનો છેડો ઊડીને બંગાળનો ઉપસાગર.

પણ
કોક વીકેન્ડની ઉજવણીમાં
એના લૉસ ઍન્જેલસના રાંધણિયામાં

પોળીમાં
એલચી ને શર્કરાથી અર્થગર્ભ
જરઝવેરાતનો લચકો ભરીને
હળવે રહીને એનો કીમતી બટવો વાળી
માએ શિખવાડેલા વૈભવલક્ષ્મીના ગુપ્ત મંત્રો ભણે
ત્યારે
સેવન્ટિઝની ઘઉંવરણી ગુજરાતણ લાગે, –
એચ કે આર્ટ્સના જમાનાની.

ઘરના અરીસાય હવે તો કંટાળી ગયા છે
એની નિત નવી રીતે ઓળખાઈ આવવાની
આ જીદથી !

૭

બુધવારની કોક નવરી બપોરે
વામકુક્ષીનો કલાક પત્યા પછી આંખ ખૂલી જાય
ત્યારે સામે હોય
ગુલાબજળમાં મસળેલી ચંદનપિષ્ટી મુલતાની માટીમાંથી
કંડારેલી વિનસની વિસ્મયમૂરત !
ત્રણ ત્રણ દાયકાનાં
પ્રણયકલહોને કારણે
ચહેરો સુકાયેલી અસંખ્ય તિરાડોથી ઊભરાતો હોય
ને હોઠ રહસ્યમય રીતે બિડાયેલા હોય,
પ્રસાધનક્રીડાના નિયમો અનુસાર
સ્હેજ બોલકણા, સ્હેજ અવાચક.

ત્યારે રમૂજ ભરેલી મૂંઝવણ થાય કે
અડધી કલાક પછી વૉશબેસિન પાસેના દર્પણમાંથી
માસ્ક હટાવીને
પ્રગટ થશે જે આગલા સમયની માશૂકા
એને, ઓ મહાશય, રીઝવશો કેમ કરીને, આ પાકટ ઉંમરે ?

૮

કોક વાર ઢળતી બપોરે
પલાળીને ઢાંકી રાખે છે ઢોકળાંનું ખીરું ને
ગૃહિણી લંબાવે છે પલંગમાં,
પિંગળ ડિંગળ જિંગલવરણી અધીરાઈની વચ્ચે
રિપીટ ટેલિકાસ્ટની રાહ જોતી.
પછી આખા ઘરને આથો ચઢવા માંડે છે,
ગૃહિણીના ગાલ, હોઠ ને ચિબુક ઊભરાવા માંડે છે
સ્હેજ વધારે પડતી ખટાશથી.

ભરબપોરે કડવાચોથ ઊજવતાં
એનાં પિયરિયાં સામેની ટીવી સિરિયલમાંથી
કડૂચી નજરે મને તાકી રહ્યાં છે.
જોકે
આજે મારો કશો જ વાંક નથી :
હું તો ક્યારનોય
ચન્દ્રને ઊગી નીકળવા માટે કાકલૂદી કરી રહ્યો છું.

૯

છટકી જાય છે હાથમાંનું પાત્ર
ને આખા ઓરડામાં
વેરણછેરણ થઈ જાય છે રાજગરો.

ચૉકમાં
ગ્રહ-નક્ષત્રો વેરાણાં હોય એટલી ચીવટથી
એ હળવે રહીને
એક એક દાણો વીણી, સાફ કરી, ભરી લે છે
ચોખ્ખી પારદર્શક બરણીમાં.

આવું તો કેટલીય વાર બને છે.

વારંવાર વેરાઈ જવું ને સમેટાઈને સમ પર આવવું
નરી પારદર્શકતામાં : બરણીમાં બેઠો બેઠો,
તારો નિતનો ઋણી
હું જોયા કરું છું આપણો સંસાર, ઓ ગૃહિણી.

## સ્વપ્નાનુભૂતિ | રાજેશ પંડ્યા

### સ્વપ્નાનુભૂતિ : ૧

દોડી જાશે આંખને ખોલતાંમાં
ઊડી જાશે જોજનો દૂર આઘે
આઘે આઘે ઊડશે ખૂબ ઊંચે
ઊડી, આભમાં જાય ડૂબી.

ક્યારે પાછાં આવશે કોણ જાણે
આકાશેથી આંખને નીડ જ્યારે
આવી પ્હોંચે નિજ સ્થાને, નિરાંતે
પામે ત્યારે શાંત નિદ્રા પ્રગાઢ.

મોડી રાતે એક વાગે કદાચ
પડખું બદલવાનું જ્યાં વિચારું હું ત્યાં તો
આખેઆખું હળવું ફૂલ થૈ ઊંચકાયું શરીર
ઊંચે, નીચે પરિમલ તળે ખૂંપતો જાઉં છું હું.

પંખી જ્યારે કરે છે કલરવ, ચણ ત્યારે પડે ચાંચમાંથી
એવી રીતે પછીથી હું પણ પડી રહું એકલો આખી રાત.

### સ્વપ્નાનુભૂતિ : ૨

જ્યારે જ્યારે પાંખ બે વીંઝી વીંઝી
થાકું, ત્યારે આંખ બે મીંચી લૈને
ધીમે ધીમે ચાલતો ચાલતો હું
અપરિચિત પ્રદેશે લાગતો જૈ ચડું છું
વાંકીચૂંકી કૈંક કેડી વટાવી
આવી ઊભો છેક છેલ્લી કરાડે
કે જ્યાંથી હું હાલીચાલી શકું ના
થઈ શકું નહીં થોડું આમ કે તેમ, અહીંયાં
એવી ઘેરી ભીંસ છે આસપાસ
જાણે મૂક્યા છે અરીસા અસંખ્ય.

અઢળક પ્રતિબિંબો એકબીજાંથી જેમાં
જરીક જરીક વાતે આથડીબાખડી ને
કરચકરચ થૈને છેવટે કીકીઓમાં
હળુહળુક શમી જતાં જોઉં છું રોજ રાતે.

## ખામી | પ્રવીણ પંડ્યા

એ અમાનવીય અપરાધ કરે છે
અને
છૂટી જાય છે
આપણે નાની એવી ભૂલ કરીએ છીએ
અને
એની સજા ભોગવીએ છીએ.
એ ન્યાયમાં માનતા નથી
એટલે
કાયદો એમનું શસ્ત્ર બને છે !
આપણે ન્યાયમાં માનીએ છીએ
એટલે
કાયદો બની જાય છે આપણી મર્યાદા !
નાની નાની અનેક લડાઈ
આ ખામીને છતી કરે છે
અને
આ ખામીને ઢાંકવા
થયાં કરે છે
મોટાં મોટાં યુદ્ધ.

# જયંત કોઠારી : સંસ્મરણ

**જયંતીલાલ દવે**



ઈસ્વીસન ૧૯૫૧થી ’૫૬ના સમયગાળાની આ વાત છે. રાજકોટમાં પરાબજાર જેવા ભરચક્ક વેપારી વિસ્તારમાં એક ખાદીધારી જુવાન એક દુકાન ઉપર બેઠો છે. દુકાન વ્યવસ્થિત છે, પણ તેમાં ઝાઝો માલસામાન નથી. વેચાણ માટે જે જે વસ્તુઓ મૂકેલી છે, તેની વિવિધતા અને વિશિષ્ટતાથી આપણને નવાઈ લાગે. બાળકો માટેની સ્લેટ (આજે હવે સ્લેટ વપરાતી નથી), ફાનસ, ચિનાઈ માટીની બરણીઓ, કટોરા, ચંપલો, પ્રાઇમસ આવી બધી વસ્તુઓ આ જુવાન વેચે છે. હા, ઘરાક ભાવ ઘટાડવા માટે ઘણી માથાકૂટ કરે, પણ આ વેપારીનો એક જ જવાબ : ‘ભાવમાં ફેર નહિ પડે.’ એની સામે એક ટાઇપમશીન ગોઠવાયેલું છે. આ નાનકડી દુકાન ચલાવવા એ જુવાનને શું ટાઇપમશીનની જરૂર પડતી હશે ? ના, આ ભાઈ રેલવે ક્લેઇમ્સ એજન્ટનું કામ પણ કરે છે. – કદાચ આવો શબ્દ તમે આ પહેલાં સાંભળ્યો નહિ હોય ! એ જમાનામાં માલવહન માટે હજુ ટ્રકનો ઉપયોગ બહુ થતો ન હતો. રાજકોટમાં રેલવે મારફતે માલ આવે, અને એ માલ ઊતરે ત્યારે તેમાં ભાંગતૂટ હોય, નુકસાની હોય, ચોરાઈ ગયો હોય તે માટે રેલવેના જુદા જુદા કાનૂન અનુસાર રેલવેને નોટિસ આપીને વેપારીને નુકસાની અપાવવાનું કામ આ યુવાન કરે છે અને એ બદલ કમિશન મેળવે છે, પણ જો તે જુવાનની આ પ્રકારની જ કામગીરી હોત, તો આ લેખ લખવાની જરૂર જ ન હોત. પણ આ દુકાનની ગાદી ઉપર એક અસાધારણ વ્યક્તિત્વ ધરાવતો જુવાન કોઈ નવા જ જીવન માટે પોતાની જાતને તૈયાર કરી રહ્યો હતો. ભાવિમાં શું કરવું છે, એ હજી નક્કી ન હતું, લગ્ન હજી થયાં નહોતાં પણ લગ્ન કરવા જેટલી ઉંમર હતી, પણ આ સંજોગોમાં ચોક્કસ ધ્યેય માટે એની અવિરત સાધના ચાલુ હતી. કોણ હતો આ જુવાન ? એ હતો સ્વ. સુખલાલ માવજી કોઠારીનો સુપુત્ર જયંતીલાલ કોઠારી (ત્યારે હજુ જયંત કોઠારી થયા ન હતા.) આ દુકાનમાં પોતાને જ સ્વયંશિક્ષણ આપી રહ્યો હતો. વેપાર, ધંધો, નામાની સૂઝસમજ, અને બીજી બધી કુનેહ ધરાવતો આ વાણિયાનો દીકરો આખી જિંદગી કાંઈ આવી હાટડીથી સંતોષ માને ખરો ? આલ્ફ્રેડ હાઈસ્કૂલના વિદ્વાન શિક્ષકોનો એ પ્રિય વિદ્યાર્થી હતો. ગણિત, સંસ્કૃત ભાષા, અંગ્રેજી, વિજ્ઞાન, દરેક વિષયમાં તેજસ્વી જયંતભાઈ ઉપર બધા શિક્ષકોને ઘણું હેત. અને જયંતભાઈએ પણ અભ્યાસ છોડ્યા પછી આ ગુરુજનો સાથેનો મીઠો સંબંધ વધારેલો. અને તેમને ઉપયોગી થવામાં કાયમ તૈયાર રહેલા. જૂના શિક્ષકો સાથે જયંતભાઈનો એક અનોખો વ્યવહાર હતો. ગુરુ-ઋણ અદા કરવા માટે એમણે જે સમર્પણ કરેલું તે જો વિગતવાર લખવું હોય, તો અલગ પુસ્તક જ લખવું પડે.

હું હાઈસ્કૂલમાં હતો ત્યારે સ્વ. મેઘાણીની નવલકથા ‘વેવિશાળ’ મેં અનેક વખત વાંચેલી. એ નવલકથામાં આવતા ‘સુખલાલ’ના પાત્રને હું જયંતભાઈમાં નીરખતો હતો. ઠાવકો, હસમુખો, કાર્યકુશળ, બધી બાબતમાં મક્કમ, કોઈની સાથે બગાડે નહિ, અને હરકોઈ સાથે મૈત્રી, વળી મીઠી મજાક કરવામાં નિષ્ણાત, દુકાન બહાર ઊભી રહેલી લારીનો માલિક અબદલ પણ તેમનો મિત્ર, અને અબદલના મિત્ર કાસમભાઈ પણ તેમના મિત્ર. એ કાસમભાઈની ભાષાના શબ્દો અને પ્રયોગોથી પોતાની ભાષાને સમૃદ્ધ કરે. મેં એમનામાં ‘વેવિશાળ’ના સુખલાલને જોયો. બધી રીતે સરખામણી એકદમ બરોબર હતી. પણ કાઠિયાવાડના ગામડામાં ઊછરેલો સુખલાલ બળૂકો હતો, ભલે જયંતભાઈ એના જેટલા બળૂકા ન હતા, પણ એ કદી લીધી વાત મૂકે નહિ, વળી અમે પર્યટને જઈએ ત્યારે ઉત્સાહથી પુલ અપ્સ ખૂબ કરે.

હા, મનમાં વેપાર માટે વિચારો ખાસ નહિ, પણ રાષ્ટ્રપ્રેમ અને આદર્શ જીવનના જ વિચારો. એ વખતે છાપાંઓમાં ખાનાં ભરવાની ઇનામી હરીફાઈઓ ખૂબ ચાલતી. (પછી તો ગુજરાત સરકારે તેના ઉપર પ્રતિબંધ મૂકેલ.) જયંતભાઈ આ ખાનાં ભરે, અને એ કાગળ સાચવી મૂકે. – હરીફાઈમાં ન મોકલે – જ્યારે પરિણામ ખૂલે, ત્યારે પોતે સાચવી મૂકેલ કવરમાંથી કાગળ કાઢીને તેની સરખામણી કરે, – એમનો ઉકેલ ઇનામને પાત્ર હોય, અરે પ્રથમ ઇનામને પાત્ર પણ હોય, પણ એમને કદી આ હરીફાઈમાં જોડાવાની લાલચ ન થઈ. જોકે એમણે ભાગ લીધો હોત, તો ઇનામ મેળવવામાં કશું જ ખોટું ન હતું, પણ એમણે એ સમયે અને ત્યાર બાદ કદી ઇનામો, એવૉર્ડ એ બધું સ્વીકાર્યું નથી.

દુકાને બેઠા બેઠા અને ઘેર સમય મળ્યે પોતાની એક મોટી પોથીમાં ગાંધીજી, ટૉલ્સ્ટૉય, રવીન્દ્રનાથ, જેવા અનેક મહાપુરુષોના વિચારોનો સંગ્રહ કર્યા કરે. મેઘાણી, દુલા ભાયા કાગ અને કેટલાય કવિઓનાં શ્રેષ્ઠ કાવ્યો પણ તેમાં હોય, લોકસાહિત્યના દુહા અને છંદો પણ હોય, સુંદર અને સુઘડ અક્ષરે લખાયેલી આવી ભરચક્ક પોથી, તેમણે જીવ્યા ત્યાં સુધી બનાવ્યે રાખી. આ પોથીઓ જો કોઈ જુએ, તો આફરીન થઈ જાય. પોથી જૂની થાય, ત્યારે તેમાંથી કેટલુંક કાઢીને વળી નવી પોથી તૈયાર કરે (જે વધુ સમૃદ્ધ હોય), સદ્‌ભાગ્યે એક જૂની પોથી જે તેમણે પ્રથમ બનાવેલી, તેની મેં માગણી કરી, અને તેમણે આપી. હું જે માગું તે જયંતભાઈ મને આપે જ. એ મારા માટે સુખલાલ હતા, મારા દુ:ખમય જીવનમાં એ જ એકમાત્ર વિસામો હતો – આ પોથી તેમની યાદગીરી માટે મેં સાચવી રાખી છે. એમનું વાચન તો હાઈસ્કૂલના સમયથી જ વિશાળ હતું. – દિલ ગાંધીજીને આપી દીધું હતું.

જયંતભાઈ મેટ્રિક થઈને ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં સાયન્સમાં દાખલ થયા. એક જ વર્ષ ભણી શક્યા. દુકાને બેસી જવું પડ્યું. અભ્યાસ બંધ થઈ ગયો. બે વડીલ ભાઈઓ રળવા-કમાવા માટે મુંબઈમાં અને પરદેશમાં ઊપડી ગયા. પોતાના પિતાના મોટા ભાઈ, મગનલાલ માવજી કોઠારી – બાપુજીનો રેલવે ક્લેઇમ્સ એજન્ટનો ધંધો ચાલુ રાખવો, પોતાનું કુટુંબ, અને બાપુજીનું કુટુંબ બંને કુટુંબનો નિર્વાહ, વહેવાર આ બધું ચાલુ રાખવું, પૂજ્ય બા અને બાપુજી (ભાઈજી) બંને વડીલોની સેવા કરવી – આ બધાં માટે તેઓ દુકાન ઉપર ગોઠવાઈ ગયા. એ વખતે કેસર કેરીનો જમાનો ન હતો. પણ વડોદરા પાસે આવેલા રણોલીના વેપારીઓ પાસેથી રાજાપુરી, દાડમિયો, સરદાર, એમ જુદી જુદી જાતની કેરીઓ રેલવે મારફત

મગાવે, પોતાને માટે મગાવે, અને મિત્રો માટે પણ મગાવે. ભાઈજી મગનલાલ કોઠારી પણ આ દુકાન ઉપર જ બેસતા, રાજકોટ જંક્શન સ્ટેશનમાં તેમની હાક વાગતી. પોતે રેલવેના બધા જ કાયદાના જાણકાર અને સત્યના આગ્રહી. કદી લાંચ ન આપે. રેલવેના અધિકારીઓ પણ તેમની પાસે સીધા ચાલે. નુકસાની માલનું પંચનામું કરાવવા તો બાપુજી જ જાય. પણ તેમની ઉંમર અને શારીરિક મર્યાદાને કારણે બીજું તમામ કામ જયંતીભાઈને ભાગે જ આવે. કામ તો ઘણું રહે, પણ આટલા કામ વચ્ચે પણ નવવિધાન મિત્ર મંડળના હસ્તલિખિત અંકો માટે દુકાનમાં બેઠા બેઠા સુંદર અક્ષરે જીવનચરિત્રો લખે. 'અકબર અંક', 'મહાદેવ દેસાઈ અંક', 'ઈસુ અંક', 'જગદીશચંદ્ર અંક', 'ગોવર્ધનરામ અંક' એવા ઘણા અંકો જયંતભાઈના હસ્તાક્ષરે જ લખાયેલા. આ અંકો જો કોઈ વાંચે તો આજે પણ આનંદ અને આશ્ચર્ય અનુભવે. આ અંકો તૈયાર કરતાં કરતાં સ્વદેશી ચીજના પ્રેમી જયંતભાઈના મનમાં વિચાર આવ્યો... આપણે હાથબનાવટના કાગળો ઉપર જ અંક તૈયાર કરીએ તો ? તુરત જ સાબરમતી ગાંધી આશ્રમ સાથે પત્રવ્યવહાર ચાલુ કર્યો, અને 'કલમખુશ' કાગળોની ખરીદી કરી. તેમને આ કાગળ ખૂબ ગમ્યા. એ કહે, 'કલમખુશ' એટલે 'કલમખુશ' પછી તો તેમણે પોતાના અંગત કામ માટે પણ આ કાગળો જ વાપરવાનું શરૂ કર્યું. જયંતભાઈના ઘરનો બેઠક ખંડ, એટલે નવવિધાન મિત્રમંડળની ઑફિસ. સભ્ય થવા માટે માસિક લવાજમ ચાર આના. દેરાશેરીમાં જૂની ઢબે બંધાયેલું, એ ખૂબ વ્યવસ્થિત અને મજબૂત મકાન હતું. ઉપરના માળે જૂની ઢબે ચૂનાની ટિપ્પણી કરીને ધાબું ભરવામાં આવેલ. જયંતભાઈ ઉપરના ભાગે રહેતા હતા. સીડી ચડીને પ્રવેશતાં જ નાનકડી અગાશી અને બેઠક હતી. એ પછી એક ઓસરીએ બે ઓરડા હતા. ઓસરીમાં ખાટ ઝૂલતી હતી. અમને બધાયને હસાવતાં, વહાલ વરસાવતાં અને આનંદ આપતાં 'બા' હતાં. અને જેના સાન્નિધ્યની મીઠાશથી કદી ધરાઈએ જ નહિ, તેવા જયંતભાઈ હતા. 'નવવિધાન'ની એક પ્રવૃત્તિ હતી, કાંતણ. દર રવિવારે બધાં સમૂહ-કાંતણ કરે. સૂતર ઉત્પન્ન થાય, તેને રાષ્ટ્રીય શાળામાં વણાવવાનું અને જે ખાદી મળે, તે 'નવવિધાન'ના સભ્યોને પડતર ભાવે વેચવાની. એ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ પણ થતી હતી. જેમાં જુદા જુદા વિષય ઉપર બોલવા માટે આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં આમંત્રણ અપાતું. મેટ્રિકના વિદ્યાર્થીઓને અનુલક્ષીને વ્યાખ્યાનો ગોઠવાતાં હતાં. જેમાં એક વખત તો મુખ્ય- પ્રધાન સ્વ ઢેબરભાઈ પણ આવેલા. – ઢેબરભાઈને આમંત્રણ આપવા માટે મને મોકલેલો. આ પહેલાં 'નવવિધાન'ના અંકો બતાવવા અને તેમનો અભિપ્રાય લેવા માટે પણ મને જયંતભાઈએ મોકલેલ. અમારા કામથી ઢેબરભાઈ પ્રસન્ન હતા. પછી મને જયંતભાઈ કહે, S.S.C.ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં કિશોરલાલ મશરૂવાળાનો એક લેખ છે. આ લેખને અનુલક્ષીને ઢેબરભાઈ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે આવે, તે માટે તેમને મંડળ તરફથી આમંત્રણ આપવા તમારે જવાનું છે. હું તો પહોંચી ગયો. એ વખતે ઢેબરભાઈને મળવાનું સહેલું હતું. દરરોજ સવારે ઢેબરભાઈ એક રૂમમાં ગાદી ઉપર બેસે, અને સામે શેતરંજી ઉપર મુલાકાતીઓ બેઠા હોય. કોઈ પણ વ્યક્તિ પોતાનો પ્રશ્ન રજૂ કરી શકે. ત્યાં નહિ પોલીસ, નહિ પટાવાળો, નહિ મુલાકાત માગવાની કે નહિ કોઈની રજા લેવાની.

ઢેબરભાઈ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં આવી પહોંચ્યા. ખૂબ સારું બોલ્યા. એક-બે શ્રોતાએ તો ચાલુ વ્યાખ્યાને ઊભા થઈને ધન્યવાદ આપ્યા. પણ એક સ્થાનિક પેપરના તંત્રીલેખમાં ઢેબરભાઈને ગટરમુકાદમ કહ્યા. અમે તો ચોંકી ઊઠ્યા. કિશોરલાલ મશરૂવાળાનો લેખ હોય, અને તેના ઉપર ઢેબરભાઈ જેવી વ્યક્તિ બોલે, એ માટે ગટર મુકાદમની પદવી આપવાનો પ્રશ્ન જ કેવી રીતે આવે ? જયંતભાઈએ એ છાપાના તંત્રીને ખૂબ જ સરસ જવાબ લખ્યો. જવાબની એક નકલ લઈને મને વળી ઢેબરભાઈ પાસે મોકલ્યો. ઢેબરભાઈએ જવાબ વાંચ્યો. પછી બોલ્યા, ''પત્ર તો બરાબર છે, પણ એ છપાશે નહિ.'' નવવિધાનના અંકોમાં અનેક લેખકો, કવિઓ, દાદા ધર્માધિકારી અને બીજા મહાનુભાવોના અભિપ્રાયો લખાયેલા છે. નવવિધાનના દરેક અંકમાં એક જીવનચરિત્ર, કાવ્યો (નવોદિત કવિઓનાં) તથા ચિત્રો, જે અમારા જ મિત્રમંડળમાંથી તથા રાજકોટના ચિત્રકારો પાસેથી મેળવેલાં હોય, તે તથા પાને પાને સુંદર સુશોભનો પણ હોય, આવા સમૃદ્ધ અંકોને આજે પણ જો કોઈ જુએ, તો તે પ્રસન્ન થાય. આ અંકોમાં મારાં કાવ્યો પણ પ્રગટ થતાં. જયંતભાઈએ મને કાવ્યસર્જનમાં પ્રોત્સાહન તો આપ્યું, અને સાથે સાથે તાલીમ પણ આપી. 'છંદના બંધારણ પ્રમાણે જ કાવ્ય લખાવું જોઈએ. છંદોબદ્ધ કાવ્ય ન હોય, તો દરેક પંક્તિમાં લય જળવાય, તે જરૂરી' જેવી સૂચનાઓ આપે, અને મઠારી આપે. જયંતભાઈ આર્ટ્સ કૉલેજમાં દાખલ થયા, તે પહેલાંની આ પ્રવૃત્તિ હતી. તેમનું પ્રેરણાસ્થાન હતા વૈદસાહેબ; આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તેમને ખાદી પહેરવાની પ્રેરણા આપનાર ઇંદુભાઈ ર. વૈદ, એ તેમના સાચા અર્થમાં ગુરુ હતા. વૈદસાહેબ વિજ્ઞાનના શિક્ષક હતા અને સારા કવિ હતા. અને વૈદ પણ હતા. અભ્યાસ તો વર્ષો પહેલાં પૂરો થયેલો, પણ જયંતભાઈ અને વૈદસાહેબ વચ્ચે સંબંધ તો જીવનપર્યંત રહ્યો. કૉલેજકાળમાં જે જે અધ્યાપકો મળ્યા જેવા કે કનુભાઈ જાની, ઉપેન્દ્ર પંડ્યા એ બધા જ અધ્યાપકો જયંતભાઈના કાયમી સ્વજન બની ગયા. સંનિષ્ઠ શિક્ષક અને ચુસ્ત સિદ્ધાંતવાદી. વૈદસાહેબ, તેમના પૂર્વજોની પરંપરા મુજબ મોટા પ્રમાણમાં ચ્યવનપ્રાશ પણ બનાવતા હતા. તેમાં શુદ્ધ દ્રવ્યો જ પડવાં જોઈએ તે માટે શુદ્ધ કેસર, સોનાના વરખ અને એવી બીજી સામગ્રી જયંતભાઈ મેળવી આપે. એક રતલ ચ્યવનપ્રાશ ભરાય, તેવી કાચની બરણીઓ પણ જયંતભાઈ મેળવી આપે. વૈદસાહેબના જીવનમાં નાનાંમોટાં સંકટ ઘણાં આવેલ. જયંતભાઈએ વૈદસાહેબના જીવનનાં છેલ્લાં વર્ષો પર્યંત તનથી, મનથી અને ધનથી તેમની સેવા કરી. પણ અમારામાંથી કેટલાક તો રાતદિવસ જયંતભાઈની સાથે ને સાથે. રાષ્ટ્રીય પ્રશ્નો અને સાહિત્યની ચર્ચાઓ ખૂબ ચાલે. એ વખતના ખ્યાતનામ લેખકોની નવલકથાઓ વિષે ચર્ચાઓ થાય. ભવિષ્યના આ વિવેચક, ત્યારે પણ નવલકથાઓ વિષે ઘણી ટીકાઓ કરે, ક્યારેક ક્યારેક તો ખૂબ ખૂબ હસીને ઝાટકણી કાઢે. મેઘાણી સ્મારક ગ્રંથ પ્રગટ થયેલ. અમારા મંડળમાં આ ગ્રંથના લેખો અને કાવ્યો પર ચર્ચા ચાલે. જયંતભાઈ મુક્ત કંઠે મેઘાણીનાં ગીતો ગાય. અમારા અને જયંતભાઈના માનીતા કવિ મેઘાણી હતા. મને એક વખત મેઘાણીની નીચેની કાવ્યપંક્તિઓ બતાવી :

**– મધરો, મધરો,**

**મલકાઈને મેંડક**

**મેહસુ નેહસુ**

**બાત કરે**

પછી કહે, ''જુઓ, કેવી સરસ રચના છે !''

('મન મોર બની થનગાટ કરે' કાવ્યમાંથી)

**''ઈ છે સમદર, તમે હોજ**
**કાર નહિ ફાવે અજમેરિયા''**

આ પંક્તિ પણ તેમને ખૂબ ગમે. જયંતભાઈએ રચેલાં મુક્તકો મારે કાળજે ચોંટી ગયાં છે. થોડા જ સમય પહેલાં આઝાદીની લડત ગાંધીજીની સરદારી નીચે આપણો દેશ લડ્યો હતો. તેમણે એ ઉપરથી 'મુક્તિ' ઉપર એક મુક્તક લખ્યું :

**મુક્તિમહીં બંધન છે સમાયું**
**મુક્તિતણી નાજુક કાય રક્ષવી**
**ને બંધને મુક્તિ સમાઈ છે જ્યાં**
**નિર્બંધ આત્માની પિછાન પામવી**
**નિર્બંધ આત્માની પિછાન આપવી**

તેમણે મેઘધનુષ્ય જોઈને લખ્યું :

**આ સાત રંગતણું મિલન**
**રૂડું સર્જી**
**સાધ્યો અહીં ધવલ રંગ**
**ન રંગ જેમાં**
**તો ક્રોધ, પ્રેમ, સમતા**
**સમ રંગ ભેળી**
**માનવ્યનો ધવલ રંગ**
**ન થાય શું કે ?**

એક વખત બધા મિત્રો પગપાળા પર્યટને ગયેલા. બધા જ મિત્રોના મનમાં ચિંતા હતી... નક્કી આપણે ભૂલા પડ્યા છીએ. જયંતભાઈ કહે, ભૂલા પડ્યા જ નથી. જુઓ, સામે દીવા તો દેખાય છે... એ વખતે એક મુક્તક રચાયું :

**પણે ટમટમે દીવા**
**નજરમાં હવે છે નિશાં**

(પછીની પંક્તિ યાદ નથી) જયંતભાઈએ ચારણી છંદમાં એક મજાનું કાવ્ય લખેલ.

મારે બે જ મનોહર છે સખિયું. બે સખી કઈ ? (૧) ઇન્ડીપેન (૨) ઘડિયાળ – આ સ્પષ્ટતા ગીતના છેડે થાય, તેથી એની ઓર મજા આવે.

જયંતભાઈને સારાં ચિત્રોનો અજબ શોખ હતો. નવવિધાનના અંકના સર્જન વખતે નટુભાઈ શાહ જેવા નવયુવાનને અને બીજાને તેમણે ચિત્રો અને ડિઝાઇનો આળેખતા કર્યા. નબળું કામ જરાય ન ચાલે. વળી 'અનુકૃતિ'ની નીચે 'અનુકૃતિ' એમ લખવાનું ફરજિયાત. મેટ્રિક સુધીના શિક્ષણમાં જયંતભાઈ જાતે જ કેટલું બધું શીખી ગયા હતા ! દરરોજ સાંજે બધા મિત્રોનો કાર્યક્રમ દાતણ લેવા જવાનો. ટૂંકમાં અમને બધાને એમ થાય કે જયંતભાઈની સાથે ને સાથે રહીએ. તેમની ઉદારતાની તો વાત જ ન થાય. અમારી મિટિંગ દરરોજ રાજકુમાર કૉલેજના મેદાનમાં રાત્રે થાય. ત્યાં દરરોજ ખારી શીંગ ખાવાની. અલકમલકની વાતું થાય. ઘણી વખત કોઈ ગીત-ભજન ગાય અથવા પોતાના મનગમતા વિષય પર વાર્તાલાપ આપે.

જયંતભાઈને ચશ્માં આવ્યાં. એ વખતે યુવાનીમાં જો ચશ્માં આવે, તો એ ચર્ચાનો વિષય ગણાય. એ વખતે પોરબંદર પાસે 'છાયા'માં વાઘજીભાઈ ચુડાસમા નંબર દૂર કરતા. ઉપવાસ, ફળાહાર, આંખની કસરતો આ બધાંથી તેઓ નંબર ઉતારે. જે લોકો, તેમને ત્યાં જાય, તે ચશ્માં ત્યાં મૂકીને જ આવે. જયંતભાઈ પણ ચશ્માં મૂકીને આવ્યા, અને 'સારી આંખો' (Sight Without Glassesનો અનુવાદ) એ પુસ્તક લઈને આવ્યા. હેરી બેન્જામિનને દસ-બાર વર્ષની ઉંમરે અઢાર નંબર હતા. તે તેણે દૂર કર્યા અને ચશ્માંમુક્ત થયો. આંખો સંપૂર્ણ સારી બની ત્યાર બાદ તેણે એ પુસ્તક લખ્યું.

જયંતભાઈ સાથે અનેક સંસ્કાર-કાર્યક્રમોમાં જવાનું થાય એની વિગતો આપતો નથી, પણ એ આનંદ અદ્ભુત હતો. એક વખત પૃથ્વીરાજ કપૂર રાજકોટ આવેલા. તેમનાં બે નાટકો ભજવવા માટે આવેલા – 'પઠાણ' અને 'દીવાર'. બધાએ નાટકોની ટિકિટ લીધી. મેં કીધું મારે નાટક નથી જોવાં. જયંતભાઈ સમજી ગયા આ નાટકની ફી હતી રૂપિયા પંદર ! મારો પગાર હતો રૂપિયા ૭૦ – હું મારા ઘરનું ભાડું રૂ. દસ પણ નિયમિત ભરી શકતો ન હતો – જોકે ઘરધણી છગનભાઈ લુહાર સારા હતા. એ જમાનામાં રૂ. પંદરમાં બે મણ ઘઉં આવે, અને તોય એક રૂપિયો વધે. જયંતભાઈ કહે ટિકિટના પૈસા તમારે આપવાના નથી. પણ મેં ના પાડી. ઘણું કહ્યું પણ હું તૈયાર ન થયો. મીઠા ઝાડનાં મૂળ નો ખવાય !

'સરસ્વતીચંદ્ર' નવલકથાના ચોથા ભાગમાં આધ્યાત્મિક ચર્ચા આવે છે. તેથી દ્વૈત-અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત આ બધી બાબતો સમજવા માટે તેઓ મારા સસરા, વૈદ શિવાનંદભાઈ યાજ્ઞિકના પિતા વૈદ મણિશંકર કાલિદાસ યાજ્ઞિક પંડિતજીને મળવા માટે ગયા. તે બંને બેત્રણ વખત મળેલા. એક દિવસ પંડિતજી કહે, ''નાની ઉંમરે કેવું અદ્ભુત જ્ઞાન ધરાવે છે !''

હા, કૉલેજ છોડ્યે જયંતભાઈને છ-સાત વર્ષ થઈ ગયાં હતાં. હવે નક્કી કરવાનું હતું કે શું કરવું. બાપુજીની ઇચ્છાથી દુકાનનો નીચેનો ભાગ વેચી દીધો. રેલવે ક્લેઇમ્સ એજન્ટની ઑફિસ ઉપરના ભાગે લઈ ગયા. પછી એ કામ પણ બંધ કર્યું. આ જ સમયગાળામાં તેમનાં લગ્ન થઈ ગયાં. તેમના સગપણના સમાચાર આપતો પત્ર પ્રથમ આવ્યો, અને લગ્નના સમાચાર આપતો પત્ર ત્યાર પછી તુરત જ આવ્યો. એ વખતે હું વર્ધા પાસે પીપરી નામના ગામમાં ગાંધીઆશ્રમ વર્ધા તરફથી ચાલતી પ્રવૃત્તિમાં (ગોપાલનમાં) રોકાયેલો હતો. મને લખ્યું, ''તમે લગ્નમાં આવો, એવી ખૂબ ઇચ્છા છે, પણ તમે જે ઠેકાણે અને જે કામમાં રોકાયેલા છો, ત્યાંથી તમને બોલાવી શકાય, તેવા સંજોગો નથી.''

આ સમય દરમ્યાન કૉલેજમાં ભણવા બેઠા. બધા અધ્યાપકોના તે મિત્ર બની ગયા. એમ.એ.માં સુવર્ણચંદ્રક મળ્યો. મમ્મટના કાવ્યશાસ્ત્ર ઉપર પુસ્તક લખ્યું, તે ખૂબ વખણાયું. પછી જયંત કોઠારી અમદાવાદ આવ્યા. જોગાનુજોગ હું પણ અડાલજ આવ્યો. સાથે ને સાથે જ રહ્યા – પણ મને મૂકીને સ્વર્ગમાં તો એકલા જ પહોંચી ગયા. તેમને વિવેચક તરીકે, બધા ઓળખે છે, પણ એ માત્ર સાહિત્યકાર ન હતા. જીવનને સતત સરાણે ચડાવીને

પ્રતિપળે ઊંચે ને ઊંચે, અતિ ઊંચે જઈ રહેલો, એ એક અદ્‌ભુત માનવી, મહામાનવ હતો. સિદ્ધાંતનિષ્ઠ તપસ્વી હતો. સ્વ. દુલા ભાયા કાગે ગાંધીજી માટે એક ગીતમાં લખ્યું છે કે

**એક, તોળ્યો,**
**તોળાણો નહિ વાણિયો !**

એ વાત જયંતભાઈને પણ લાગુ પડે છે.

જયંતભાઈના જીવન વિષે ઘણું ઘણું કહેવાની ઇચ્છા છે, એ બધું કહેવા જેટલી મારી પાસે શક્તિ નથી.

ટૂંકમાં, પીપા ભગતનો એક સંદેશ, તેને જયંતભાઈએ આત્મસાત્ કર્યો હતો –

**પીપા, પાપ ન કીજિયે,**
**તો પુણ્ય કિયો, સો વાર**
**જો કિસીકા લિયા નહિ,**
**તો દિયા, વાર હજાર**

હવે, હું તેમને માટે થોડાક દોહરા ટાંકીને મારી વાત પૂરી કરવા રજા લઉં છું. હું ગામડિયો માણસ છું. મને જયંતભાઈ વિષે લખતાં નો આવડે, મારામાં ભૂલચૂક રહી ગઈ હોય, તે દરગુજર કરશો !

**મિત્તર એડા કીજિયે, જેવા કૂવાના કોસ**
**પછાડ્યા, પાણી દીએ, હદે ન આણે રોષ.**

**મિત્તર, એડા કીજિયે, ઢાલ સરીખા હોય,**
**સુખમેં તો પીછે રહે, દુઃખમેં આગે હોય.**

**મિત્તર એડા કીજિયે જેસા ટંકણખાર**
**આપ બળે, પર ઓલવે, ભાંગ્યાં સાંધે હાડ.**

**તન ચોખ્ખાં, મન ઊજળાં, ભીતર રખ્ખે ભાવ**
**કિનકા બૂરા ન ચિંતવે, તાકુ રંગ ચડાવ !**

**તુલસી, બાંહ સપૂતકી, સપને મેં અડ જાય**
**નેહ નિભાવે જનમ તક લડકનકુ કહી જાત.**

❐

# વિદેશી સાહિત્ય

## ચાર કાવ્યો (ઇટલિયન)

**મિરિયમ મરીનો, મૂળ ઇટલિયન પરથી અનુવાદ : પ્રદ્યુમ્ન તન્ના**

**એક**

**સરિત થકી**
**જોઉં છું**
**સીનાગોગનો ગુંબજ**
**એટલો નજીક**
**એટલો આઘો....**

**થોભી છું**
**કે કશુંક બદલે**
**જળસપાટી**
**અને આકાશને...**

**થોભી છું કે સરિત માંડે**
**તારી મોં-કળાનો વાણો**
**કે પ્રવાહ આળખે**
**તારી મરકનો અણસાર**
**કેવળ ક્ષણેક...**

**બે**

**કાંઈ રહ્યું નથી**
**જેનો હજીય હોય કોઈ અરથ**
**કે જે થકી ખાળું**
**આ વાવડાની ઝીંક.**
**કને બચી છે એક કિતાબ**
**કેટલાંક લખેલાં પાનાં —**
**તારાં સત્યો, તારાં જુઠાણાં**
**સમૂળાં નહીં તો નહિવત્**
**ને કશુંય કર્યું નહોતું મેં**
**તારી પ્રતીક્ષા સિવાય...**

ત્રણ

નથી આવડતું
ખેંચી કાઢતાં વાળ ને વસ્ત્રો
નથી આવડતું ચીખતાં
કે રોતાં...
પણ કાળજની ભોંય પે
માંડ વરતાય
એવી ઊઘડતી
જાય છે એક ફરચ
તારાં નખોરિયાંને લઈ

ચૂપચાપ કરતી રહું છું કાજ
ને નિજ કફન બીચ
વીંટતો રહે છે
મારો મૂક આતમ
હોલાનો વેશધારી બાજ...

ચાર

એક લોહિયાળ ચાંદો
વીંધે છે બારીઓના કાચ
વેરાન વાટો મહીં
કણસે છે પવન
ને વરતું છું, ઊભરતા ભય સમી
અકારી મોળ
હળુ હળુ વાયરાના ઉચ્છ્વાસ સંગ
સરતું આવે છે બાળકોનું રટણ.
વગડા થકી ખેરવતું પિચ્છ
પ્રસ્વેદભીનું, લળૂંબે એક હોલું
મુજ શય્યા પરે

રક્તભીની પરોવે નજર
ને વિરમે
ત્રસ્ત, કંપિત
ઉડાણ...

❒





# કુંડી : એક નિસબતકથા

મોહનલાલ પટેલ

ગુલાબદાસ બ્રોકરે ટૂંકી વાર્તા, કવિતા, નાટક, પ્રવાસ, વિવેચન વગેરે સાહિત્યસ્વરૂપોમાં સફળ રચનાઓનું સર્જન કર્યું છે. એમણે અનુવાદ અને સંપાદનના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર કામ કર્યું છે. 'લતા અને બીજી વાર્તા', 'ઊભી વાટે' 'સૂર્યા', 'પ્રકાશનું સ્મિત' વગેરે એમના વાર્તાસંગ્રહો છે. 'લતા શું બોલે ?' 'નીલીનું ભૂત', 'ગુલામદીન ગાડીવાળો', 'ધૂમ્રસેર', 'સૂર્યા', 'નરહરજી', 'કોલાબાની એક સાંજ', 'કુંડી' વગેરે એમની જાણીતી વાર્તાઓ છે. અહીં 'કુંડી' વાર્તાનો આસ્વાદ કરાવવાનો ઉપક્રમ છે.

ગુજરાત બહારના, સંભવતઃ મુંબઈ શહેરમાં વસતા ઉપલા મધ્યમ વર્ગના એક કુટુંબની આ કથા છે. કથાનાયકનું નામ આપવાના બદલે લેખકે 'ભાઈ' સંજ્ઞાથી ચલાવ્યું છે. એવી જ રીતે નાયકની પત્ની અને મા બંને માટે નામ તરીકે 'મા'ની સંજ્ઞા રાખી છે. ભાવકે બંને નામ સંદર્ભના આધારે સમજી લેવાનાં છે.

ભાઈ વતનના 'ઉજ્જડ' જેવા થઈ ગયેલા ઘરમાંની ઍન્ટિકમાં ખપે એવી કેટલીક ચીજો લઈને આવ્યા છે. આ ચીજો જોવા માટે કુટુંબનો વિશાળ કાફલો દીવાનખાનામાં એકઠો થયો છે. એમાં થોડે દૂર રહેતો પુત્ર, તેની પત્ની અને બાળબચ્ચાં, પોતાના ઘરમાં પોતાની સાથે રહેતો પુત્ર અને તેની પત્ની, સુવાવડ કરવા આવેલી પુત્રી, તેનો પતિ અને બાળકો, શહેરમાં જ રહેતાં પુત્રી, જમાઈ અને તેના પરિવારનો સમાવેશ થાય છે.

ભાઈ વતનના ઘરમાંથી જે ચીજો લાવ્યા છે એમાં ચિનાઈ માટીનાં રમકડાં, રૂપાનાં ઠામવાસણ, સોનાનાં જૂના ઘાટનાં ઘરેણાં વગેરે છે. આ બધી ચીજોમાં એક ચાંદીની વજનદાર કુંડી પણ ખરી.

આ બધી ચીજો ઍન્ટીકમાં ખપે એવી હોવાથી એ ચીજોને જોવા અને મેળવવા દીવાનખાનામાં એકઠાં થયેલાં સૌનું કુતૂહલ ઉત્તેજિત છે. લેખકે સામ્પ્રત સમયમાં ઍન્ટીકના મૂલ્ય વિશે બે પાત્રો વચ્ચે વાત કરાવી છે, પણ એમણે કોઈ ચીજનો ઍન્ટીક તરીકેનો પરિચય આપ્યો નથી. 'રૂપાનાં ઠામવાસણ', 'જૂના જમાનાનાં સોનાના જૂના ઘાટના દાગીના' જેવાં કથનથી લેખકે વસ્તુના ઍન્ટીકત્વનો ભાસ કરાવીને ચલાવ્યું છે. ચિનાઈ માટીનાં રમકડાંને ઍન્ટીકની ચીજમાં ખપાવવા માટે કોઈ પ્રતીતિજનક વિગત આપી નથી. અલબત્ત, વાર્તામાં એની કશી ઉપયોગિતા હોય એવું જણાતું નથી. જેના પાયા ઉપર વાર્તાની રચના થઈ છે એ કુંડીના ઍન્ટીકપણાની કશી નિસબત વાર્તા સાથે નથી.

પરિવારમાં ચીજોની વહેંચણી લગભગ પૂરી થયા પછી કુંડીનો વાર્તામાં પ્રવેશ થયો છે. લેખકે એને વહેંચણી માટેની વસ્તુ ગણી નથી. તો પછી લેખક કુંડી સંદર્ભે શું સિદ્ધ કરવા માગે છે ? વાર્તામાં કુંડીનું મહત્ત્વ તો છે. એ ન હોત તો વાર્તા પણ ન હોત. વાર્તાનાયકના ચિત્તમાં ભાવનિષ્પત્તિ માટેનું આલંબન આ કુંડી છે.

વસ્તુ સાથે માનવીની નિસબત સંકળાય ત્યારે એ સંવેદનકેન્દ્રી સિચ્યુએશન બને

છે. અહીં કુંડી સાથે વાર્તાનાયકની નિસબત જોડાયેલી છે એટલે એ વાર્તા નાયકના હૈયાને ઝંકૃત કરીને એના ભાવવિશ્વને હલબલાવી મૂકે છે.

વાર્તામાં એક બાજુ વાર્તાનાયક છે અને બીજી બાજુ બહોળો પરિવાર છે. પરિવારની કશી નિસબત કુંડી સાથે જોડાયેલી નથી એટલે પરિવારનું ભાવવિશ્વ કુંડી સંદર્ભે અસ્પંદ રહે છે. અર્થાત્ કુંડી પ્રત્યે પરિવારનાં સભ્યોને કશો લગાવ નથી એટલે એમને કુંડીમાં કે એની સાથે જોડાયેલી વાતોમાં કશો રસ નથી. રસ હોય તો એક ચીજ તરીકે એના દેખાવ અને મૂલ્યમાં હોય. નાની વહુ, વાર્તાનાયકના બે દીકરા અને જમાઈ વચ્ચે એ કુંડી દેખાવ અને મૂલ્ય અંગેના સંપાદનું નિમિત્ત બને છે.

એમ કહી શકાય કે કુંડી એ 'ભાઈ'ની વાર્તા બની રહી છે. 'ભાઈ'ની વાર્તા એટલે ? કુંડી સાથે સંકળાયેલાં 'ભાઈ'નાં સંસ્મરણોની વાર્તા. ભાઈ આ વાર્તાને પૂરી ચાહત અને દરિયાઈ ભરતી જેવા ઉમળકાથી પોતાના પરિવારને કહેવા માગે છે, પણ પરિવારમાં એ સાંભળવાની તૈયારી નથી. આ થઈ વાર્તા માટેની ભૂમિકા. વિરોધાભાસી લાગણીઓવાળી બે છાવણીઓની વાર્તા. એકને કહેવું છે, બીજાને સાંભળવું નથી.

ભાઈ જેના વિશે કહેવા માગે છે તે આ છે : લગ્ન જેવા અવસરે એકઠી થયેલી સ્ત્રીઓ વીખરાય ત્યારે કુંડીમાંથી બીડાં કાઢીને પ્રસન્ન મુખે સ્ત્રીઓને એ બીડાં આપતી મા, પોતાનું ધૂળિયું ગામ, એની શેરીઓ...

બીડાં આપતી માનું ભાઈના હૈયે વસેલું આ ચિત્ર જુઓ : 'મધ્ય વયનાં... રૂપાળું ભરેલું મોં, પાકતી છતાં રળિયામણી લાગતી કાયા ને ચારે તરફ માયા વેરતું સ્મિત... તેમણે ઘરેણાં પહેર્યાં હતાં...'

કુંડી નીકળી આવી એ પછી એના વિશે નાની વહુ, દીકરાઓ અને જમાઈ વચ્ચે થયેલા સંવાદની તકનો લાભ લઈ ભાઈએ મા વિશે કહેવાનો આરંભ કર્યો : 'આ કુંડીની તમને ખબર છે ?'

એ જ વખતે કંઈક ખેંચાખેંચી કરતાં બાળકોને માએ ધમકાવવા માંડ્યું તે વખતે બધાંનું ધ્યાન એ તરફ ખેંચાયું અને ભાઈ પોતાની વાત આગળ ન કરી શક્યા.

પણ નાની વહુની ઉક્તિ, 'એલ્યા એય, આ જોઈ, આ કુંડી ?'નો આધાર લઈ ભાઈએ ફરીથી વાતનો દોર હાથમાં લેવા પ્રયત્ન કર્યો : 'આ કુંડી છે ના... મા હતાં ના...' મા વિશે બોલવાના ઉત્સાહમાં ભાઈએ આજુબાજુ જોયું.

પણ આ સ્થિતિ સુખદ નહોતી. ભાઈની આ રઢ ઉપર રોષે ભરાયેલી પત્ની બોલી : 'કુંડી, કુંડી કરો છો, પણ આને તો કંઈક કહો, આનંદિયાને, બધું ફોડી નાખશે તો કુંડી તમારી રહેશે કુંડીને ઘેર...'

બાળકોનું ધાંધલ શમાવવા સૌ બાળકો તરફ વળી ગયાં અને ભાઈ કુંડીને જોતા બેસી રહ્યા.

પોતાની ધરાર અવગણનાના કારણે ભાઈનો ક્રમિક વધતો જતો વિષાદ આ વાર્તાનું પ્રધાન વસ્તુ છે. મનની વાત કહેવા આડે ભાઈને કેવા ઘા ખમવા પડ્યા તે, વાર્તાના આ અંશ ઉપરથી બરાબર સમજાશે :

'''....ભાઈએ ઊંચું જોયું. જરા હસ્યા, 'હવે નવરાં પડ્યાં બધાં ?' એવું કંઈક બોલ્યા, પણ કોઈનું તેમના તરફ ધ્યાન ન ગયું.

તેમણે ગળું ખંખાર્યું : 'આ કુંડી છે ના...'

પણ તેમણે જોયું કે કોઈનું ધ્યાન એમના તરફ કે કુંડી તરફ નહોતું.

તેમણે ફરી પ્રયત્ન કર્યો. જરા મોટે અવાજે કહ્યું : 'એય !'

'શું છે વળી તમારે ?' મા માંડ માંડ તેમના તરફ ફરી.

'તને તો યાદ હશે, નહિ ? આ કુંડી, ને મા, ને...'

'ક્યારના શું કુંડી કુંડી કર્યા કરો છો ? બધાં બિચારાં માંડ માંડ ભેગાં થયાં છે તો જરીક જોવા તો દ્યો.'

'પણ હું ક્યાં ના પાડું છું ? હું તો તેમને આ બહાને માની ને ગામની ને લગનની ને એવી એવી...'

'તમારું બધું લાંબું લપસિંદર નીકળી પડવાનું ગમે તેમાંથી', મા હસી. બાકીનાં બધાં પણ હસી પડ્યાં.''

આ ઘોર ઉપહાસ હતો. ભાઈ ઊભા થઈ ગયા. પછી જરા હસ્યા અને બધાં તરફ જોયું. આ તબક્કે ભાઈનો વિષાદ ચરમ સીમાએ પહોંચેલો જણાય છે. એ ત્યાંથી ખસી ગયા અને દૂર ખૂણામાંની એક બેઠક પર જઈ બેઠા.

અત્યારે ભાઈ ચિત્તની બે ભાવપરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. એક બાજુ ઘેરો વિષાદ છે અને બીજી બાજુ ચિત્ત માની સ્મૃતિના કારણે વાત્સલ્યથી તરબોળ છે.

વાર્તામાં બે નાટકીય વક્રતાઓ વેધક છે. માએ એક દિવસ માંદગીના બિછાનેથી કહ્યું હતું : 'જો ઓલી મારી કુંડી છે ના, ઈ તારે રાખવાની હોં. તારી વહુ ઈ લઈને બીડું આપશે ત્યારે એવી શોભશે !' અત્યારે ભાઈની એ વહુ કુંડી પાસે બેઠેલી હતી. ભારોભાર કુંડીની અવજ્ઞા કરી રહેલી વહુ ! એક દુઃખદ નાટકીય વક્રતા ! માએ તો એને કુંડી સાથે શોભવાની વાત કરી હતી અને અત્યારે ?

વાર્તામાં બીજી એક સુખદ નાટકીય વક્રતા છે.

વિષાદમાં ગરકાવ થઈ ગયેલા ભાઈ ખૂણામાંની એમની કાયમી બેઠક પર બેસીને એક 'થોથું' વાંચવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે એમની મોટી દીકરી ત્યાં પહોંચી ગઈ અને ભાઈને ધોતિયાના છેડેથી આંસુ લૂછતા જોઈ બોલી : 'બહુ સરસ વાર્તા હતી, ભાઈ ?' જવાબમાં ભાઈ ગૂંચવાયા ખરા, પણ ભાવકને આ વક્રતા સમજવામાં કોઈ ગૂંચવણ નડતી નથી.

ભાઈ કુટુંબના વડા છે. કુટુંબવત્સલ છે. પોતાની વાત માટે દુરાગ્રહી કે હઠીલા નથી. ક્રોધ એમના સ્વભાવમાં હોય એવું જણાતું નથી. મા, કુંડી અને ગામ વિશે કહેવાની બાબતાં પોતાની થયેલી અવગણનાને મન મારીને સહી લે છે. પોતે સમૂહમાંથી ખસી જઈને ખૂણાની બેઠક ઉપર એકાંતે બેઠા એમાં ભાઈની બાલિશ રીસ નથી. કારમા આઘાતની પ્રતિક્રિયા છે. લેખકે આમ, ભાઈના પાત્રચિત્રણમાં ભાઈમાં રહેલા એક સાલસ માણસનો ટકોરાબંધ પરિચય કરાવ્યો છે.

કથામાં મા (કથાનાયકની પત્ની)નું પાત્ર વિશિષ્ટ છે. ઉપલક દૃષ્ટિએ ભાવકને એ પાત્ર પ્રત્યે અભાવ થાય એવાં એનાં વલણ અને વર્તન જણાય છે. પણ સંસારનો વાસ્તવિક

રંગ જોતાં એ પાત્રે એક મોટા પરિવારના મોભી તરીકે જે જવાબદારી નિભાવવી જોઈએ તે નિભાવી છે. અત્યારે એની નજર આગળ પતિની રઢ મહત્ત્વની નથી. અહીં જે હેતુથી પરિવારનો સમૂહ એકઠો થયો છે એની સાચવણી મહત્વની છે. સૌ વસ્તુઓ જુએ, સૌને મનગમતી વસ્તુઓ મળે, બાળકોમાં વસ્તુઓ માટે પડાપડી કે ખેંચાખેંચ ન થાય, કશી રડારોળ ન મચે... આ બધું એણે સાચવી લેવાનું છે. પોતાનું બધું ધ્યાન આ કાફલામાં કેન્દ્રિત કરવાનું છે. આવા સમયે પતિ 'કુંડી કુંડી' કર્યા કરે તે કેમ ચાલે ? અહીં માત્ર કુંડી જોવાની વાત નથી પણ કુંડી સાથે સંકળાયેલાં સ્મરણો, ધૂળિયું ગામ, ગામમાં લગ્નના પ્રસંગ, બીડાંની વહેંચણી આ બધું પતિ પાસેથી સાંભળવું પડે એમ હતું. એ સાંભળવાનો અવકાશ નહોતો એટલે મા 'પેલા લાંબા લપસિંદરવાળી વાત સંભળાવી દે છે. એમ કહી શકાય કે લેખકે આ વાર્તામાં કૌટુંબિક જવાબદારી વહન કરતી એક વયસ્ક સ્ત્રીનું સુંદર આલેખન કર્યું છે.

વાર્તામાં સામાજિક વાતાવરણ પાંચ-છ દાયકા અગાઉનું છે. લેખકે એ સમયના મધ્યવર્ગના કુટુંબનું સુરેખ ચિત્ર આલેખ્યું છે. કુટુંબ મુંબઈ જેવા શહેરમાં રહે છે પણ ગ્રામસંસ્કાર કુટુંબનાં સભ્યોના સ્વભાવમાંથી નાબૂદ થયા નથી. બોલચાલની લઢણ 'હાય બાપ !' જેવા સ્ત્રીમુખે નીકળતા ઉદ્‌ગાર, બાળક આનંદ માટે 'આનંદિયા' જેવો પ્રયોગ, વાણીવ્યવહારમાં કેટલાક તળપદા શબ્દોનો વિનિયોગ વગેરે વાર્તામાં જાનપદી રંગ પૂરે છે. આમાં ભાઈનાં માતા અંગેનાં સ્મરણો પૂરક બને છે.

વાર્તામાં પાત્રોનાં નામ આપવાને બદલે લેખકે 'ભાઈ' અને 'મા' સંજ્ઞાઓનો ઉપયોગ કર્યો છે. વાર્તાનાયકની પત્ની અને એની મા, બંને માટે 'મા' શબ્દનો ઉપયોગ થયો છે એ ગૂંચવાડાભરી સ્થિતિ સર્જે છે. પાંચ-છ દાયકા પહેલાં ગ્રામપ્રદેશમાં પિતા માટે 'ભાઈ', 'મોટા ભાઈ' કે 'કાકા' શબ્દોનો ઝાઝો ઉપયોગ થતો. અને માતા, દાદી, પરદાદી અને નાની માટે 'મા' શબ્દ પ્રચલિત હતો. લેખક નામજોગી આ પ્રથાને આ વાર્તામાં અનુસર્યા છે.

અગાઉ કહ્યું તેમ વાર્તામાં કુંડી સાથે વાર્તાનાયક અને તેની માતાની નિસબત ઘેરા રંગે ઊભરી છે એટલે કુંડી એક જીવંત ભૂતકાળ બનીને આવી છે. અને એમાંથી નિર્ગમિત થતાં સંવેદન ભાવકના ચિત્તને દ્રવતું કરી મૂકે છે. આ પ્રક્રિયા વાર્તાકારનો એક કલાકાર તરીકે પરિચય આપે છે.

❒





# વિશેષ 'ફટફટિયું' વાર્તાસંગ્રહને એવૉર્ડ... નિમિત્તે થોડુંક...

**રાધેશ્યામ શર્મા**



૨૦૦૮ની સાલનો (રાષ્ટ્રીય) સાહિત્ય અકાદમી દિલ્હીનો એવૉર્ડ ડૉ. સુમન શાહને તેમના 'ફટફટિયું' નામના વાર્તાસંગ્રહને મળ્યો છે.

'ફટફટિયું' એમનો ત્રીજો જ વાર્તાસંચય. આ પૂર્વે ૧૯૭૬માં 'અવરશુંકેલુબ' અને ૧૯૯૨માં 'જેન્તી-હંસા-સિમ્ફની' નામના બે વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે.

કેવળ કથા-રચના કરી તે અટકી ગયા નથી, ૩૦ જેટલા વિવેચન-ગ્રન્થોના સંપ્રસિદ્ધ લેખકે કથાતત્ત્વને અવલોકતાં બે પુસ્તકો પણ આપ્યાં છે. એક, 'કથાપદ' જેમાં નવલિકા સાથે નવલકથાની પ્રત્યક્ષ સમાલોચના છે. બે, 'કથાસિદ્ધાંત' જેમાં નિરૂપણરીતિને અનુલક્ષી સિદ્ધાન્તચર્ચા છે.

જેને રાષ્ટ્રીય એવૉર્ડ સાંપડ્યો તે સંગ્રહનું શીર્ષક સીધું ચોખ્ખું ગુજરાતીમાં 'ફટફટિયું' નામે છે. 'સાર્થ જોડણીકોશ'માં 'ફટફટી'નો 'મોટરસાઇકલ' લેખે ઉલ્લેખ છે; પણ સંગ્રહમાં કેટલીક વાર્તાઓનાં મથાળાં અંગ્રેજીમાં છે. દા.ત. 'ટુ થાઉઝણ્ડ ટ્વૅન્ટી', 'ઈ. ઈ. ડબલ્યુ. યાને સંકટ સમયની બારી', 'લેટ્અસ મિક્સઅપ', 'વર્ચ્યુઅલિ રીયલ સૂટકેસ', 'લેમન-ટી અને બિસ્કુટ'.

સંગ્રહસ્થ વીસ (૨૦) વાર્તાઓ છે. વાર્તાઓ સાથે પાંચ (૫) બોધકથાઓ છે : 'વૃક્ષ કહું કે ઝાડ', 'મકાન કહું કે ઘર', 'ઘર', 'ઊંઘલગીમાં', 'એક હરાયું ઢોર.' (કથાબોધની સાથે બોધકથા કરવાનો શોખ પુરાણો છે, જે પ્રારમ્ભકાળે 'કાકાજીની બોધકથા' જેવી કૃતિઓમાં પ્રગટ થયો હતો.)

અનુ-આધુનિકતાવાદ અગાઉ આધુનિક સાહિત્યસર્જનકાળમાં વાર્તાકારો સામે એક ફરિયાદ હતી કે સાંપ્રત જગતના સવાલો અને સમસ્યાઓને જોઈએ એટલી માત્રામાં નિરૂપણલાભ મળતો નથી. સુમન શાહની વાર્તાદૃષ્ટિ અને કથાસૃષ્ટિ કલાતત્ત્વને નજરઅંદાજ કર્યા વિના ઉભય જીવનદર્શનોને ઊંડળમાં લેવા મથે છે. દા.ત. 'ઈ. ઈ. ડબલ્યુ યાને સંકટ સમયની બારી' ગુજરાત જ નહીં ભારતભરમાં સામાજિક – કોમી – સંઘર્ષ અને રાજકીય ઊહાપોહ ફેલાવનાર ગોધરાકાંડને સ્પર્શે છે, 'સિમેન્ટ' વાર્તા અમદાવાદને ઉપરતળે હચમચાવનાર ભૂકમ્પને તો 'ખંજર'ની વસ્તુ બળાત્કાર આચરનાર સમાજદ્રોહીનો ઉપસ્થ-ઉચ્છેદ આલેખે છે !

'ટુ થાઉઝણ્ડ ટ્વૅન્ટી' અને 'લેટ્અસ મિક્સઅપ' ફ્યુઅરિસ્ટિક દર્શનની ઝલકઝાંખી કરાવે, જ્યારે 'જરાક જેટલું છેટું', 'જામફળિયામાં છોકરી' અને 'ફટફટિયું' અમૂર્ત-મૂર્ત સ્નેહનાં અસ્તિત્વમૂલક સંકુલ પાસાંને પ્રસ્તુત કરે છે.

આવી બધી હકીકતો સાબિત કરે છે કે મોટે ભાગે, મોટા ઉપાડે વિવેચનના વારિમાં

ખાબકેલા જીવનો ફર્સ્ટ લવ વાર્તારચનાકળા છે. ટૂંકી વાર્તાના સાહિત્યપ્રકારને, એકમેવ આત્મલક્ષી અભિવ્યક્તિ માટે આધુનિક યુગ સંદર્ભ સાથે પ્રસ્તુત કરતી કર્તાની કલમ સતત પ્રવૃત્ત રહી છે. ૧૯૫૯ની સાલથી એઓ વાર્તા લખે છે. આજે ૨૦૦૯ આવી. પાંચ દાયકા કથાલેખનમાં વીત્યા, એમાં ત્રણ જ વાર્તાસંચય થયા એનો સાર એ કે કોડીબંધ કથાઓનો ચટાકેદાર ઘાણ આ લેખકે ઉતાર્યો નહીં ! 'અવરશુંકેલુબ' જેવું અશુંકશું નોખું અ-નોખું એમને લખવું હતું. 'જેન્તી-હંસા-સિમ્ફની'માં જે ડોમેસ્ટિક-કૉન્જુગલ-ડાયલોગની ઑર્કેસ્ટ્રા સંભળાઈ હતી એવો મિષ્ટ મિજાજી પ્રતિધ્વનિ, સબળ રૂપે 'ફટફટિયું'માં પ્રસરેલો સુજ્ઞો તો ઝીલી શકશે.

'પ્રેમના એક જ વિષયની રચનાઓ', 'સોજ્જું નરવું નેરેશન', 'ભાષા પર સંકેત ચિહ્નિત થતા જોવાની તાલાવેલી', પતિ-પત્નીની તદ્દન હળવી ક્યારેક હલકી ટપાટપી, શૃંગારભર્યાં અડપલાં, રમૂજ મજાક કરતાં હસવામાંથી ખસવું અને આગળ ઉપર જીવવું વસમું લાગે એવો ગંભીર વળાંક, નાયકનો નાયિકા પર અને નાયિકાનો નાયક પર બેવફાઈનો રણકાદાર અંદેશો, આજુબાજુ વિ-ચરતાં ચરિત્રો વિશેની પાક-નાપાક નુક્તેચીનીઓ, ખાલીપો ભરવા કૂથલીનુમા ખૂજલીઓ – આમ છતાં છેવાડે તો સ્નેહતત્ત્વની સરવાણી વહેતી હોવાના નુસખા, લવ-હેટ રિલેશનશિપ, બહુપત્નીત્વ, એકાધિક પ્રેમસંબંધોનો કેલિડોસ્કોપ 'ફટફટિયું' સંગ્રહમાં પણ ફરીને ફળીભૂત થયો છે !

સામગ્રી તો આવી જ છે, ઘરગથ્થુ જીવનની નગણ્ય તુચ્છ હકીકતોથી સંભરેલી પણ એનું રૂપાન્તરણ, સંવાદો-વિસંવાદોની રેપર્ટી-રીતિથી તેમજ નાયકના (બલકે કથકના) પ્રતિભાસિક ઝીણા નિરીક્ષણમાંથી સ્રવેલા લિરિકલ-સૉમ્બર (કાવ્યમય ઉદાસી) સંકેતોથી આસ્વાદ્ય નીવડ્યું છે. દા.ત. 'ફટફટિયું'નો અન્ત :

> ''પવનોથી, તાપ, ટાઢ અને વરસાદથી ખવાવા માંડશે ફટફટિયું. અંદર લોઢું એનું ક્ષારો ખાશે, કાટ એનો પીશે જમીનના રસકસ. બ્રેકફેઇલ્ડ મોટરબાઇક એક દિવસ હશે જ નહીં – ભળીને ધરતીમાં અલોપ થઈ ગઈ હશે... ડાળ બનીને એ મારા ભણી ઝૂલી રહે એની રાહ જોઈશ.'' (પૃ. ૬૪)

'એ જરાક જેટલું છેટું'માં, વાર્તાના મધ્યે નાયક બોલે છે :

> ''યાદ છે શોભુ, કોઈ એક સપ્ટેમ્બરમાં પીળાં પતંગિયાંની આપણા શહેરમાં નદી વહેતી થયેલી ત્રણેક દિવસ માટે... મળસ્કું હતું. ટેવ પ્રમાણે તેં મને જગાડી પાડેલો ને રિવાજ મુજબ મળસ્કું આપણે ઊજવી લીધેલું. પછી પાછલી બાલ્કનીમાં હતાં, ઊભેલાં – થાકેલાં છતાં ધરાયેલાં. સૂર્યોદય થવામાં હતો. બરાબર એ જ વખતે આથમણી દિશામાં પીળાં પતંગિયાં આવતાં થયેલાં... વણઝાર... નદી... પીળાં પતંગિયાંની... ક્યાંથી આવ્યાં, ક્યાં જઈ રહ્યાં'તાં આટલા બધાં, એકસાથે, કેમ – કશી જ ખબર પડતી નહોતી. સૂર્ય ઊગતાં પીળી નદી સોનેરી થઈ ગયેલી... સપનામાં તું શોભુ, ગુલાબી પતંગિયું હતી ને હું ભૂરું. આપણે સોનેરી પતંગિયાં નદીમાં તરતાં હતાં... એ નદી પાછી આવશે, મોડી ? ....નથી ખબર.' (પૃ. ૬૬)

લેખકની સસ્પેન્સ-સેન્સ નોંધપાત્ર છે, સાથે જ વાસ્તવની વિષયતા, સંબંધોની સંકુલતા દર્શાવવા પ્રયોજી છે. 'જરાક છેટું' વિભિન્ન દંપતીઓમાં શૂન્યસમું પથરાઈને પડ્યું હોય એ આ વાર્તા ઉપરાંત 'લેટ્અસ મિક્સઅપ' રચનામાં પણ પુનરપિ ઝળક્યું છે. શોભિતનું પાત્ર સીમાને કહે છે : 'મારું ચાલે તો તને એક ઇંચ જેટલેય દૂર, પળ માટેય છેટી, ન જવા દઉં.' (પૃ. ૧૧૧) અને અન્તે, શોભિત-સીમા-મનીષનો ત્રિ-પાત્રી (– 'અંદાજ'ની યાદ દેતો 'સંગમ' –) પરસ્પરની સહમતીથી લેખકે ઇટાલિયન નીઓ-રિયલ કે સત્યજિત રાયની ફિલ્મ 'મહાનગર'ને કૅમેરાઍંગલથી બે જ વાક્યમાં સૂચવી દીધો છે : 'પછી એ ગયાં. શહેરની ભીડમાં ભળી ગયાં.' (પૃ. ૧૨૨)

મેગા કે મેટ્રોપોલિટન નગરોમાં પતિ-પત્નીના, પ્રેમી-પ્રેમિકાના, આડોશીપાડોશીના સંબંધો પરસ્પરાપરક, પરમ્પરાગ્રસ્ત નૈતિક નિષેધનિયંત્રણોને અંડોળીને કેવા વિલસ્યા વિકસી ચૂક્યાં છે એનો ચિતાર, બિલકુલ ટીકાબોધની છાયા વગર નિર્ભાર નેરેશનથી અહીં સુલભ છે. સર્જકની બેફિકરાઈને પામી ન શકે એવાઓ તો જેન્તીની ભાષા પ્રયોજી શકે : 'બગડેલું મગજ છે – એ વાંદરું આખો વખત આમ બેઠું બેઠું શબ્દોનાં બોરાં ફોલ્યા જ કરે છે... ને પાછું ઠળિયાય ફોલે છે !'

એ ક્ષણે બોર્હેસની 'લેબિરીન્થ' સાંભરી જ્યારે વાર્તાકારનું પોસ્ટસ્ક્રિપ્ટ (અનુવચન) 'નટદોર પર ચાલવાની મથામણ' વાંચી. તેમણે બરાબર આંગળી મૂકી નેરેટિવ પૅટર્ન સંકેતી છે : 'જાણે હું ગૂંચોની ભાતમાં લખતો હોઉં.' વાચક પણ કર્તા સાથે સંડોવાઈ ગૂંચોની ભાતો ઉકેલતો થઈ જાય. આનો અર્થ શો ? તો વાર્તાકર્તાનો જવાબ છે : 'એનો અર્થ એ કે એ કશી બાહ્ય ઘટનાનો અનુવાદ નથી – ઘટના એમાં પ્રગટતી આવે છે. વાર્તા અને વાર્તાનો અનુભવ એમાં ઘડાતો ચાલે છે. મને ઘટનાઓ મળતી નથી કે હું તેમને ખોળવાય જતો નથી.' (પૃ. ૨૧૯)

સુરેશ જોષી – ચંદ્રકાન્ત બક્ષી એવાં બે સામસામાં પરિબળો જેવાં કે ઘટનાનું તિરોધાન અથવા ઘટનાટોપ એ બંનેમાંથી સ્વ-તંત્ર સ્વાયત્ત સર્જનપ્રક્રિયાની ખોજ વાર્તાકાર સુમન શાહની પ્રામાણિક મથામણ રહી છે. મનુષ્ય વિશેની આત્યન્તિક સમજ લેખક પૂરતી તો આટલે જ આવી ઊભી છે : 'મનુષ્ય સ્વાભિમુખ જીવ છે, આત્મ-પ્રતિબદ્ધ વધારે છે.' (એમના મતે સેલ્ફ જ જેનો ઈશ હોય તેવો તે સેલ્ફ-ઈશ, 'સ્વ'-અર્થી છે.) સાચુકલું સર્જન તે ક્યારે કરી શકે એની શરત છે : 'હું મને અભિમુખ હોઈને જ, કે મારા જી-વ-ન-વિશ્વથી પ્રતિબદ્ધ હોઈને સાચુકલું સર્જન કરી શકું.'

કથાસર્જકના પરકાયાપ્રવેશ કરવાના ખ્યાલનો સીધોસોંસરો પડકાર કરતું વિધાન ચિન્ત્ય છે એટલું જ ચિન્તનપ્રેરક, જાતનિરીક્ષક છે : પરકાયાપ્રવેશ બનાવટ છે અને સ્વમાં પ્રવેશ્યા વિનાનો કોઈ પણ પ્રવેશ નરી બનાવટ છે. કલાએ બનાવટથી બચીને એવી તો બનાવટ પ્રગટાવવાની છે જ્યાં જીવન અને કલા બંને એકમેકમાં ઓગળીને એક થઈ ગયાં હોય, સ્વ અને પર એક થઈ ગયાં હોય.' (પૃ. ૨૧૯)

કોઈને લાગે અને વાગે એવું છે તે તો આ કે કેફિયત જેવું કર્તાનું 'અનુવચન' આત્મ-અનુમોદન સમું અધિક છે. લાંબી લેખણે દીર્ઘ, અતિ દીર્ઘ વા-ર-તાઓ રચવાનું પ્રયોજન, કર્તાની સર્જનપ્રક્રિયામાંથી સ્ફુટ થાય છે :

'હું સંયોજનનિયમોને તેમજ રૂપશરતોને વશ રહેતો હોઉં તેથી, મારે સંયોજન માગે

એટલી જગ્યા હંમેશાં આપવી પડતી હોય છે... વાચકોને એ લાંબી લાગે, જાણતલ વાચકોને નહીં – કેમ કે, એ દરેકમાં મેં ટૂંકી વાર્તાની પાયાની શરત પાળવાની પ્રામાણિક કોશિશ કરી હોય છે : 'એકમેવ અસર' નામની શરત, જેને સિન્ગલ ઇફેક્ટ કહીએ છીએ.' (પૃ. ૨૨૧)

પ્રસ્તુત વિધાનની 'એકમેવ અસર' આ લખનાર પર તો હાલ થઈ જ ગઈ કેમ કે એને પણ રચનાઓ 'ટૂંકી વાર્તા' કરતાં વધુ લાંબી લાગે છે, તેથી તે સામાન્ય વાચક સ્વેચ્છાએ બની ગયો : એક આઉટસાઇડર જ માનોને. જાણતલ વાચક નહિ પણ સુજ્ઞ સર્જક-ભાવક લાભશંકર ઠાકરને ગંભીરપણે માનું કેમકે એ સુમનનીય વા-ર-તા કરતાં વિશેષ અથવા વાર્તા જેટલા જ લાંબા આસ્વાદ-વિશેષ-લેખો રચી શકે છે !

ઇતિહાસપરિવર્તક સુરેશ જોષીની કળા-મતશાળામાં પાંગરેલા પણ આધુનિકતાવાદથી અનુ-આધુનિકતાવાદ સુધીની વાર્તાયાત્રા તો 'પોતીકી' અભિવ્યક્તિ સાથે સન્મિત્ર સુમનભાઈ શાહે ગણનાપાત્ર રીતેભાતે કરી ગણાય. 'ફટફટિયું' વાર્તાસંગ્રહને મળેલ દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા સાલ ૨૦૦૮ના એવૉર્ડ નિમિત્તે હાર્દિક અભિનંદનો.

❑

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

❖ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
❖ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
❖ 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
❖ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
❖ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
❖ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
❖ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
❖ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

### લેખકોને :

❖ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
❖ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
❖ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
❖ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## નવલવિશ્વ : કથાસાહિત્યવિષયક વાંચવા જેવો વિવેચનગ્રંથ | બાબુ દાવલપુરા

[**નવલવિશ્વ :** લે.-પ્ર. શરીફા વીજળીવાળા, એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ કેમ્પસ, સુરત-૩૯૫૦૦૧, વિક્રેતા : ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. મુંબઈ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૬, પૃ. ૧૬૨, કિં. રૂ. ૧૦૦]

ગુજરાતી, ભારતીય અને વિદેશી કેટલીક ગણનાપાત્ર નવલકથાઓ વિશેના શરીફા વીજળીવાળાના ‘નવલવિશ્વ’માં ગ્રંથસ્થ થયેલા સમીક્ષાલેખોમાં પ્રગટતી તેમની સ્વકીય સાહિત્યિક સૂઝ-સજ્જતા ધ્યાનાર્હ છે.

‘અસ્તિત્વવાદી ધારા અને ગુજરાતી નવલકથા’ વિશેના લેખમાં તેમણે એ હકીકત તરફ ધ્યાન દોર્યું છે કે “માણસ ઈશ્વરની વિભાવના નથી. માણસ પહેલાં ‘હોય.’ વિભાવના તો પછી ઘડાય, એ અસ્તિત્વવાદનો પ્રથમ સિદ્ધાંત છે... મૂળભૂત રીતે ગુજરાતી સાહિત્ય પર બીજી ભાષાના સાહિત્યના પ્રભાવનો આ પ્રશ્ન છે. આધુનિકતાવાદ સાથે આવેલ આ એક વલણ માત્ર છે, જેને આછી-અધૂરી સમજ સાથે આપણે કૃતિમાં સ્થાન આપવા માંડ્યું. આમ પણ અસ્તિત્વવાદી વિચારધારા પોતે જ સુનિશ્ચિત વિચારતંત્ર નથી એટલે અસ્તિત્વવાદી નવલકથાને કોઈ એક સુરેખ વ્યાખ્યા કે લક્ષણોમાં બાંધી શકાય એમ નથી.... આપણે ત્યાં કોઈકને ‘ચહેરા’નો નાયક ‘આઉટસાઇડર’નો મળતિયો લાગે છે, કોઈકે ‘છિન્નપત્ર’માં અપ્રાપ્તિની વેદના અને એકલતા જોઈ તેને અસ્તિત્વવાદી કહી છે... આપણે ત્યાં આવી મોંમાથા વગરની સરખામણી જ અસ્તિત્વવાદી નવલકથાના માપદંડ બની છે. આપણું વિવેચન આ સંદર્ભે કલાનાં ધોરણો ભાગ્યે જ ઊભાં કરી શક્યું છે... આ બધી નવલકથાઓમાં કળાના દ્રાવણમાં કલવાયા વગરનાં ચિંતનના ગંજ ખડકાયા... ‘ફેરો’ને બાદ કરતાં આપણે ત્યાં કહેવાતી બધી જ અસ્તિત્વવાદી નવલકથાઓમાં દર્શન સર્જન થઈને પ્રગટ્યું નથી.” (નવલવિશ્વ, પ્ર.આ. ૨૦૦૬, પૃ. ૫-૬)

‘આકાર’ વિશેનું સમીક્ષકનું આ નિરીક્ષણ તથ્યયુક્ત છે : ચંદ્રકાન્ત બક્ષી ‘આકાર’માં “પોતાની વિશદ સમજ પાત્રો પર આરોપિત કરે છે પણ આ વિશદતાનો ભાર ઝીલી શકે એવાં પરિમાણ પાત્રોમાં પ્રગટાવી નથી શકતા. પરિણામે કૃતિમાંથી સર્જકનો છૂટો પડી જતો અવાજ પડઘાયા કરે છે અને દર્શન સર્જન બની શકતું નથી... પાત્રોચિત ભાષાસ્તર ઊભા કરવામાં આ લેખક સરિયામ નિષ્ફળ રહ્યા છે.” તેમના કહેવા પ્રમાણે, “...શ્રીકાંત શાહની ‘અસ્તી’માં પાત્ર કે પ્રસંગ કશા સાથે સંકળાયા વગર સ્વતંત્રપણે પુષ્કળ ચિંતન રજૂ થયું છે... આ લેખકે બધું જ સીધાં વિધાનો રૂપે કહી દીધું છે અને એ બધાંનો નવલકથાનો પિંડ બાંધવામાં કોઈ ફાળો નથી.” મધુ રાયની ‘ચહેરા’માં પણ “...સંબંધોથી છેતરાયેલા, જાત સામે ભોંઠા પડેલા નિષાદની પરિસ્થિતિને બોલવા દેવા કરતાં લેખક પોતે જ બધું કહી દે છે... લેખક અહીં પણ જાત છુપાવવા પોષાકની જેમ પહેરાતા ચહેરાઓની વાત બોલકા બનીને કહી બેઠા છે. હકીકતે જોઈએ તો નિષાદ નિર્લેપ છે જ નહીં.. એ ‘આઉટસાઇડર’ના નહીં પણ બક્ષીના નાયકનો સગોત્ર લાગે છે. (પૃ. ૯) રઘુવીર ચૌધરીની ચિંતનપ્રધાન નવલકથા ‘અમૃતા’માં પણ “પ્રેમ અને સ્વાતંત્ર્ય વિશેના વિચારોને... વારંવાર દલીલો રૂપે રજૂ કરવામાં આવ્યા છે. અમૃતાના પોતાના પસંદગી અને સ્વતંત્રતા અંગેના પ્રશ્નો સપાટી પરના સામાજિક પ્રશ્નો છે. તેને અસ્તિત્વવાદીઓ કથિત સ્વાતંત્ર્ય સાથે કશો જ સંબંધ નથી. પાત્રોની દલીલો દ્વારા, ઉદયનના વાચન દ્વારા લેખક ઘણું ચિંતન સમાવી શક્યા છે પણ તેને બધી જગ્યાએ અનિવાર્ય નથી બનાવી શક્યા.” (પૃ. ૧૦) રાધેશ્યામ શર્માએ ‘ફેરો’ને “પ્રતીકાત્મક બનાવવાના મરણિયા પ્રયાસ કર્યા છે એટલે ઘણુંબધું અહીં કૃતક લાગશે... એ બધું હોવા છતાં રાધેશ્યામ શર્મા, ‘હોવા’ની વ્યર્થતા, કંટાળો કૃતિમાંથી જ પ્રગટાવી શક્યા છે.” સમીક્ષકનું એ મંતવ્ય વજૂદવાળું છે કે “પોતાને અભિપ્રેત ફિલસૂફી ઠાંસી ઠાંસીને ભરવા માટે વિનાયકને કઠપૂતળીની જેમ નચાવતા લાભશંકર ઠાકરની ‘કોણ ?’ને પણ અસ્તિત્વવાદી કૃતિ કહી શકાય તેમ નથી... હકીકતે પ્રામાણિકતાથી સ્વીકારવું જોઈએ કે આપણું અસ્તિત્વવાદી સાહિત્ય આયાસી અને આયાતી છે.” (પૃ.૧૩)

બીજા ખંડ ‘ગુજરાતી નવલકથાઓ’માં ‘બદલાતી ક્ષિતિજ’, ‘કલ્પતરુ’, ‘રિક્તરાગ’, ‘અંધારું’, ‘સાથી-સંગાથી’, ‘સોમતીર્થ’, ‘લટહુકમ’, ‘મિશ્રલોહી’ અને ‘કૂવો’માં સંબંધિત નવલકથાઓની તરી આવતી વિશેષતાઓ અને મર્યાદાઓ પણ અદૃષ્ટાંત દર્શાવાઈ છે. જયંત ગાડીત કૃત ‘બદલાતી ક્ષિતિજ’માં “પાત્ર આ કે તે વર્ગનું પ્રતિનિધિ હોવા છતાં પાત્રભાષા એને પોતીકું પરિમાણ બક્ષે છે.... માનવસંદર્ભ, સામાજિક સંદર્ભ રચી આપવામાં, પ્રસંગે આગવું પરિમાણ બક્ષવામાં વિવિધ સ્તરે પ્રયોજાયેલી ભાષાનો ઘણો મોટો ફાળો [illegible] કલાત્મક બનાવનાર અગત્યનું પરિબળ બની રહે છે. અહીં સમાજનું જે ચિત્ર



રજૂ થયું છે તે પૂરેપૂરું વાસ્તવિક છે...” અલબત્ત, “નવલકથાના ચુસ્ત આકારમાં છેલ્લા બે ખંડ અનિવાર્યતા સિદ્ધ કરી શક્યા નથી.” નવલકથાનો રચનાબંધ શિથિલ બનવા પામ્યો છે તે આ કારણે. મધુ રાયે ‘કલ્પતરુ’ને ‘કમ્પ્યૂટર દ્વારા રચાયેલી સર્વપ્રથમ ગુજરાતી નવલકથા કહી છે; પણ હકીકતે, કમ્પ્યૂટરને વિષય બનાવીને લખાયેલી આ કપોળકલ્પિત નવલકથા સર્જકચિત્તમાં રસાઈને આવેલી છે. સમગ્ર કૃતિમાં સર્જકસ્પર્શ અનુભવી શકાય છે... જાસૂસીજાળ, વિજ્ઞાનની અટપટી વાતોને મધુ રાયની આગવી કલ્પનશૈલીએ ચીલાચાલુ બનવા નથી દીધી... એને અનુઆધુનિક વિલક્ષણ પ્રયોગ તરીકે મૂલવીશું તો તેની વિશિષ્ટ કાળયોજના, વાસ્તવનો વિપર્યય, ઘટનાવિન્યાસની સર્જકે કરેલી માવજતને દાદ આપ્યા વગર નહીં રહી શકાય.” (પૃ. ૩૧-૩૩) કિશોર જાદવની ‘નિશાચક’ અને ‘રિક્તરાગ’નાં ચરિત્રવિધાનમાં રહેલા સગોત્ર સામ્ય ઉપરાંત અન્ય પાત્રો-પ્રસંગોના ચિત્રણમાં પણ જોવા મળતાં સામ્ય અને તજ્જન્ય એકવિધતા તરફ ધ્યાન દોરીને સમીક્ષકે ઉપસ્થિત કરેલો આ મુદ્દો લક્ષમાં લેવા જેવો છે : “ ‘રિક્તરાગ’માં ખરેખર સર્જકને અભિપ્રેત થીમ પ્રગટે છે ખરું ?... નાયકની કોઈ રિક્તતા ભાવક અનુભવી શકે છે ખરો ?” કિશોર જાદવની ‘નિશાચક’, ‘રિક્તરાગ’ અને ‘આતશ’ જેવી નવલકથાઓમાં ભાવકને હંફાવતી પ્રત્યાયનક્ષમતાની સમસ્યા અંગે સમીક્ષકે કરેલી ફરિયાદ સાવ અકારણ નથી. તેમના કહેવા પ્રમાણે મણિલાલ હ. પટેલની ‘અંધારું’ લઘુનવલનું “પોત સાવ પાંખું છે. અંધારાને પ્રતીક

બનાવવાની કોશિશ કરવા ગયા છે છે ત્યાં લેખક ઉઘાડા પડી જાય છે... એક પણ આડા સંબંધને લેખક વાસ્તવની ભોંય પરથી પ્રતીતિજન્ય લાગે એ રીતે આલેખી શક્યા નથી. તો પાત્રના આંતરસંવિદ્‌ને અવલોકી, આલેખવામાં પણ તેઓ નિષ્ફળ રહે છે.'' (પૃ. ૪૫-૪૬) રઘુવીર ચૌધરીની ૨૮મી નવલકથા 'સાથી-સંગાથી (પ્ર. આ. ૧૯૯૦)માં, તેમણે નોંધ્યું તેમ, ''સમગ્ર કથનમાં સુગ્રથિતતાનો તદ્દન અભાવ છે... પન્નાલાલની ગળાતી-ચળાતી સર્જકતામાં પણ વાર્તારસ તો જળવાઈ રહેતો. આ નવલકથામાં પરાણે પાનાં ફેરવવાં પડે એવી સ્થિતિઓ ઓછી નથી આવતી.''

રઘુવીર ચૌધરીની નવલકથા 'સોમતીર્થ' (પ્ર.આ. ૧૯૯૨)ની ઐતિહાસિક સોમનાથની તીર્થધામ પર મહમૂદ ગઝનવીએ કરેલા આક્રમણની ઘટના પર આધારિત ક. મા. મુનશી, ધૂમકેતુ અને ચુનીલાલ મડિયાની પુરોગામી નવલકથાઓની નાયિકાઓની ચરિત્રગત વિશેષતાઓની તુલના કરીને સમીક્ષકે કહ્યું છે તેમ, ''ધૂમકેતુની ચૌલાદેવી ભીમદેવની પ્રેરણામૂર્તિ બની શકે તેવી ભવ્ય ઉદાત્ત ગૌરવશાળી જાજરમાન સ્ત્રી છે... મુનશીની ચૌલા મુગ્ધા છે... મડિયાની ચૌલા (બહુલા) ભીમદેવ પાસે પ્રેમ પ્રાર્થે છે... રઘુવીરની ચૌલા... ગજબની વીરાંગના છે... લેખકનાં પ્રયોજનો પ્રચારાત્મક લાગે એ હદે બોલકાં બની ગયાં છે... રઘુવીર ચૌધરીએ પાત્રને બોલવા દીધાં છે પણ ભાષા પોતે જ ઉછીની આપી છે. પરિણામે દરેક પાત્ર લેખકની જ ભાષા બોલે છે.'' (પૃ. ૫૩-૫૭) રવીન્દ્ર પારેખની 'જળદુર્ગ' અને 'અતિક્રમ' પછીની ત્રીજી નવલકથા 'લટહુકમ' (પ્ર.આ. ૧૯૯૮)માં લેખક ''કથનરીતિનો સાવ નિરાળો પ્રયોગ લઈ આવ્યો છે... હળવી શૈલીમાં લખાયેલી આ નવલકથાની કથનરીતિ કથનકળાશાસ્ત્રના પાયાના પ્રશ્નોને ગંભીરતાથી સ્પર્શી લે છે... પાત્રાનુસાર ભાષાસ્તર ઊભા કરવામાં લેખક મહદંશે સફળ રહ્યા છે... નવલકથાએ નારીવાદી કૃતિ હોવાનાં ઢોલનગારાં વગાડ્યા વગર મૂળભૂત પ્રશ્નોને હળવાશથી સ્પર્શ્યા છે અને તોય ઘા બરાબર નિશાન પર જઈને વાગે છે એમાં લેખકની સફળતા છે.'' (પૃ. ૫૯-૬૫) ઈવા ડેવની લઘુનવલ 'મિશ્ર લોહી'માં ''લેખક ચીલાચાલુ વિષયવસ્તુથી દૂર રહ્યા છે... પાત્રો મોટા ભાગે સંવાદોથી, કાર્યોથી ઊઘડતાં આવે છે... લેખક દરેક પાત્રથી સરખું અંતર જાળવી શક્યા છે... ચિત્તના અકળ કહી શકાય તેવા પ્રવાહોને લેખક આલેખી શક્યા છે.'' અશોકપુરી ગોસ્વામીની '' 'કૂવો'ના કેન્દ્રમાં કંકાસિયો કૂવો છે. આ કંકાસને કાયમી ધોરણે ટાળવા કૂવાને પૂરી નવો કૂવો ખોદવાનું ભગીરથ કામ પાર પાડતી દરિયા આ કૃતિનું ચાલક બળ છે... ગુજરાતી કથાસાહિત્યને એક યાદ રહી જાય એવું સ્ત્રીપાત્ર દરિયાનિમિત્તે મળ્યું છે એવું કહી શકાય.'' અલબત્ત ભાવકને ''સમગ્ર પરિવેશમાં પન્નાલાલ, ઈશ્વર પેટલીકર, રઘુવીર ચૌધરી કે જોસેફ મેકવાન દેખાશે. સમગ્ર કૃતિને ધ્યાનમાં રાખીને કહેવું હોય તો... 'કૂવો'માં ગુજરાતી નવલકથા હતી ત્યાં જ રહી ગઈ છે, ડગલું આગળ નથી જઈ શકી.'' (પૃ. ૭૩-૭૭)

ત્રીજા વિભાગમાં કેટલીક સવિશેષ નોંધપાત્ર ભારતીય નવલકથાઓની વિગતે સમીક્ષા થઈ છે. અનિલ બર્વેની મરાઠી અને ગુજરાતી વાચકવર્ગમાં પણ ખૂબ લોકભોગ્ય નીવડેલી પ્રથમ નવલકથા 'થેંન્ક યૂ મિ. ગ્લાડ'ને અનુલક્ષીને સમીક્ષકે કહ્યું છે તેમ, ''એકી બેઠકે વાંચવાની ફરજ પાડે એવો સાદ્યંત કથારસ જાળવતી આ નવલકથાનું ચાલકબળ વાતાવરણ કે સંવાદો નથી, પણ પાત્રોની ગતિવિધિ છે... અનિલ બર્વેની આ ઉત્તમ કૃતિ છે... કથાતત્ત્વની સાદ્યંત સુગ્રથિતતા જાળવી રાખતી આ નવલકથા કોઈ બિંદુએ ચીલાચાલુ નથી બની ગઈ એ જ શ્રી અનિલ બર્વેની ખૂબી છે અને આ નવલકથાની વિશિષ્ટતા પણ.'' સિદ્ધહસ્ત કવિ, નાટ્યકાર અને નવલકથાકાર ચિંતામણિ ત્ર્યંબક ખાનોલકરની 'રાત કાળી ને કાળી ગાગર' અને 'કોંડુરા'ની જેમ 'ચાની' નવલકથામાં પણ નાટ્યતત્ત્વ પ્રચુર માત્રામાં છે. ''...આ નવલકથામાં ઠેર ઠેર ભાષા કવિતાની લગોલગ પહોંચી જતી લાગશે... ખાનોલકરના કથાવિશ્વમાં સતત પ્રકૃતિ, સ્ત્રીપુરુષસંબંધ અને નિયતિ, પરમેશ્વર, પાપપુણ્ય, જીવન અને મૃત્યુ પડઘાતાં રહ્યાં છે. પ્રકૃતિને પશ્ચાદ્‌ભૂમાં રાખી તેમણે માણસના આદિમ આવેગોને આલેખ્યા છે... કોઈ પણ અપરાધ વગર સજા ભોગવવી એ પણ ખાનોલકરની કથાસૃષ્ટિનું આગવું લક્ષણ છે... દુઃખને આલેખવામાં સર્જકે તીવ્ર સંયમ જાળવ્યો છે... મનુષ્યમાત્રની કંઈ ન કરી શકવાની લાગણીનો સૂર, નિયતિની અફરતા અને સમાજની જડતા અહીં સુપેરે આલેખાઈ છે.'' (પૃ. ૮૪-૮૯) જ્ઞાનપીઠનો પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત કરનાર એમ. ટી. વાસુદેવન નાયરની કેરળ સાહિત્ય અકાદમીના પુરસ્કારને પાત્ર ઠરેલી, તેમની સર્વોત્તમ મનાતી 'નાલુકેટ્ટ' નવલકથા... વડીલોની ઇચ્છા વિરુદ્ધ પોતાનાથી ઊતરતા ખાનદાનના પુરુષ સાથે પરણી બેઠેલી સ્ત્રીના પુત્રે પોતાનો હક્ક સાબિત કરવા માટે જે સંઘર્ષ ખેલ્યો તેની વાત કરે છે... અનેક અપમાનો વેઠીને, ભણી-ગણી પોતાનો હક્ક ઝૂંટવી લેતા અપ્પુણીના જીવનસંઘર્ષની સમાંતરે સર્જક એક જર્જરિત થઈ ગયેલી કુટુંબવ્યવસ્થાની વાત કરતા જાય છે... અસ્તિત્વવાદી વિચારસરણીનો સ્પર્શ ભલે વરતાય, પરંતુ દર્શન બોલકું બની કથાવિશ્વથી અલગ નથી પડી જતું...'' એ આ નવલકથાની એક નોંધપાત્ર વિશેષતા છે.

કર્ણાટકના બહુમુખી પ્રતિભાસંપન્ન સાહિત્યકાર શિવરામ કારંથે વિવિધ સાહિત્યસ્વરૂપો સંગીત-રૂપક, નાટક, એકાંકી ઉપરાંત શબ્દકોશ અને વિશ્વકોશનાં ક્ષેત્રે કરેલું અર્પણ મહત્ત્વપૂર્ણ છે. પણ તેમની ''પ્રતિભાનો સર્વોત્તમ ઉન્મેષ નવલકથાઓમાં પ્રગટ્યો છે. જ્ઞાનપીઠના પુરસ્કારને પાત્ર ઠરેલી તેમની નવલકથા 'મૂકજ્જી'માં ૯૦ વર્ષ વટાવી ચૂકેલાં એક એવાં આજીમાની વાત ચે જે દસ વર્ષની ઉંમરે વિધવા થયેલાં છે... જીવનનો સમગ્રપણે સ્વીકાર કરવામાં માનતાં આજીના માધ્યમથી અહીં જે ચિંતન પ્રગટ થયું છે, જે પ્રશ્નો ચર્ચાયા છે તે મારા-તમારા-બધાના છે... પાત્રવિકાસ કે નાયક-નાયિકા વગરની આ નવલકથાએ રૂઢ માળખાનો, ચુસ્ત સ્વરૂપનો જાણે કે ત્યાગ કર્યો છે... પાત્રો અને પ્રસંગો દ્વારા ઊભું થતું વાતાવરણ આ નવલકથાનું ચાલકબળ છે.'' અલબત્ત, ''પ્રથમ પુરુષ કથનરીતિ પસંદ કર્યા પછી પણ કારંથ આજીને પોતાનું માઉથપીસ બનાવી બેઠા છે.'' – એ આ ચિંતનપ્રધાન નવલકથાની એક ગંભીર મર્યાદા છે. ખ્યાતનામ સાહિત્યકાર મહાશ્વેતાદેવીની '' 'હાજાર ચુરાશીર મા' વાસ્તવવાદી ધારાની એક નોંધપાત્ર નવલકથા છે... દસ્તાવેજી ચિત્રણો કરી નવલકથાને દળદાર બનાવવાની કોશિશ એમણે નથી કરી... મહાશ્વેતાદેવીનું સમાજના શોષિત, કચડાયેલા વર્ગ પ્રત્યેનું વ્યક્તિગત Commitment 'અરણ્યનો અધિકાર'ની જેમ અહીં પણ સહજ રીતે પ્રગટ થયું છે... જીવતાં – સડેલાં ગંધાતાં મુડદાંની વચ્ચે સુજાતાનું એપેન્ડિસાઇટીસ ફાટે છે... સમાજનાં સડી ગયેલાં મૂલ્યોનું એ પ્રતીક બની રહે છે... આટલાં બધાં સંતાનોને જન્મ આપ્યા છતાં સુજાતાની નિયતિમાં તો ખાલીપો જ છે.... આ ખાલીપાની વેદના એ જ સુજાતા અને તેના જેવી સ્ત્રીઓની નિયતિ છે.'' (પૃ. ૧૦૩-૧૦૯) વ્યવસાયે

પત્રકાર એવા કમલેશ્વરની ‘કિતને પાકિસ્તાન’માં લેખકની ફરિયાદ એ છે કે ‘માલૂમ નહીં કિતને પાકિસ્તાન બન ગયે, એક પાકિસ્તાન બનને કે સાથ... “લગભગ દસ વર્ષની મહેનત પછી તૈયાર થયેલી આ નવલકથામાં હડપ્પા, મોહેંજો દડો, મેસૉપોટેમિયા, બેબિલોન, ડૈન્યૂબ, હિત્તી સંસ્કૃતિનો સમ્રાટ ગિલમગેશ, પ્રાચીન ચીની સંસ્કૃતિ, આર્યોના આગમનથી લઈને મોગલકાળ, અંગ્રેજ શાસન, ભારતવિભાજન, બાબરી ધ્વંસથી લઈને પોખરણમાં પરમાણુ-વિસ્ફોટ સુધીની ઘટનાઓ – કથાઓને ઊંડળમાં લેવાનો એમણે પ્રયાસ કર્યો છે... કારગિલ યુદ્ધથી નવલકથાનો આરંભ કરતા સર્જક કમલેશ્વર પર અનેક જગ્યાએ પત્રકાર હાવી થઈ ગયો છે... લેખક દસ્તાવેજી વિગતો અને બોલકાં વિધાનોમાં વધુ રહી ગયા છે... તથ્યને કલ્પનાનો સ્પર્શ ન આપી શકતા કમલેશ્વરની આ કૃતિમાં એટલે જ સર્જનાત્મકતાનો અભાવ દેખાય છે... કૃતિના પાયામાં પાકિસ્તાનનો વિરોધ છે. અહીં ‘પાકિસ્તાન’ શબ્દ પ્રતીકાત્મક મૂલ્ય ધારણ કરે છે... પ્રશ્નો બોલકા બનીને રજૂ થયા છે. વિગતોની ભરમારથી કૃતિનો વેગ પણ અવરોધાયો છે... લેખકની અંગત માન્યતાઓ, પૂર્વગ્રહોને અનુસરતી આ કૃતિને દિલ્હી સાહિત્ય અકાદમીનો ૨૦૦૩ના વર્ષનો પુરસ્કાર” નવલકથાની સાહિત્યિક ગુણવત્તાને આધારે અપાયો હશે કે તેના વિશેનાં અભિપ્રાયો – વિવેચનોથી દોરવાઈને અપાયો હશે, એવો સમીક્ષકે ઉપસ્થિત કરેલો પ્રશ્ન અકારણ નથી.

વિદેશી નવલકથાઓના વિભાગમાં ભારતના વિભાજનની ઐતિહાસિક ઘટનાને જુદા અભિગમથી સ્પર્શતી અબદુલ્લા હુસૈનની ૧૯૬૩માં પાકિસ્તાનના સર્વોચ્ચ સાહિત્યિક પુરસ્કારને પાત્ર ઠરેલી ‘ઉદાસ નસ્લેં’માં “૧૯૧૩થી લઈને ૧૯૪૭ સુધીના ભારતના રાજકીય સાંસ્કૃતિક ઉતારચઢાવ સાથે પ્રજાની બદલાતી જતી માનસિકતા આલેખાઈ છે. ભારતની અર્ધી સદીનો ઇતિહાસ એના બધા જ રંગો સાથે અહીં રજૂ થયો છે. પ્રજાની મૂંઝવણો, એનું શોષણ, સંઘર્ષ, રાષ્ટ્રીય નેતાઓએ કરેલી ભૂલોનું નિર્મમ લાગે એવું પણ સાચું ચિત્ર એમાં આલેખાયું છે. ‘બ્રિટિશ ઇંડિયા’, ‘હિંદુસ્તાન’, ‘બટવારા’ અને ‘ઉપસંહાર’ એમ ચાર ખંડમાં વહેંચાયેલી આ મહાનવલને મુખ્ય પાત્ર નઈમ દ્વારા સળંગસૂત્રે ગૂંથવામાં આવી છે... માણસની વેદનાની આ મહાગાથા છે... પ્રજાના અલગ અલગ સમૂહોનાં માનસિક, સામાજિક પરિવર્તનોને લેખકે એક સમાજશાસ્ત્રીની નજરે જોયાં છે અને કલાકારની કલમે આલેખ્યાં છે.” (પૃ. ૧૪૭-૧૫૧)

“ઉર્દૂ કથાસાહિત્યમાં આગવી ઓળખ ઊભી કરનાર ઇંતિઝાર હુસૈને ‘બસ્તી’ નવલકથામાં ભારતના વિભાજન પછી ભારત છોડીને પાકિસ્તાન ગયેલા લોકોની પીડાને વાચા આપી છે. લેખકે પોતે એ પીડા ભોગવી છે. ઝાકિર-સાબિરાના પ્રેમ નિમિત્તે કે ઝાકિર-સુરેન્દ્રની દોસ્તી નિમિત્તે આ વિભાજન કેવો અભિશાપ હતો એ વ્યંજિત થયું છે.” (પૃ. ૧૫૫)

ભારતના રાજકીય સામાજિક અને સાંસ્કૃતિક માળખાને વેરવિખેર કરી મૂકતી ભારતના વિભાજનની ઘટનાને અનેક બિંદુએ સ્પર્શતી, અમેરિકામાં સ્થાયી થયેલાં અધ્યાપિકા અને પારસી લેખિકા બેપ્સી સિધ્વાની ‘આઇસકેન્ડી-મૅન’ (૧૯૮૯) “એક અત્યંત ચુસ્ત અને ઊર્મિસભર નવલકથા છે. બેપ્સી સિલ્વાની આ નવલકથાના કેન્દ્રમાં લાહોર જેવું ગુલાબી શહેર છે. સિધ્વા વિભાજન પહેલાંનાં વર્ષો, હળીમળીને રહેતી પ્રજા, એકમેક માટે જીવ પાથરતા શીખ-મુસલમાનોની સમાંતરે વિભાજન પછીનો વિષમય માહોલ આલેખે છે... ઈતિહાસની આ ગમખ્વાર દુર્ઘટનાને અંગત અનુભૂતિનું રૂપ આપવામાં લેખિકા સફળ રહ્યાં છે... વાર્તા પોલિયોના કારણે અપંગ થયેલી લેની અને એની પ્રિય આયાની છે... આ નવલકથાનું સૌથી ગમી જાય એવું પાસું છે એની તરોતાજા ભારતીય અંગ્રેજી.” સાક્ષાત્કારક દશ્યો ખડાં કરી દેતી ચિત્રાત્મક શૈલી અને કવિતાની કુમાશવાળી ગદ્યઇબારત આ નવલકથાની ધ્યાનપાત્ર વિશેષતાઓ છે. વિભાજનનો ભોગ બનેલાં એક પારસી લેખિકાની આ સ્વાનુભવમૂલક વેદના-સંવેદના આ કરુણગર્ભ નવલકથાનું નાભિકેન્દ્ર છે.

વીસમી સદીના કથાસાહિત્યમાં મહાન નવલકથા લેખે વિશિષ્ટ સ્થાન પામેલી વિલિયમ ફોકનરની પ્રિય નવલકથા ‘ધ સાઉન્ડ ઍન્ડ ધ ફ્યુરી’ તેમની કલાત્મક કૃતિઓમાંની એક ગણાય છે, પણ તેની સંકુલ દુર્બોધ વિચિત્ર કથનપ્રયુક્તિને કારણે લોકપ્રિય નીવડી શકી નથી... ધીરે ધીરે પાયમાલ થતા જતા કોમ્પસન કુટુંબની પડતીની આ “સમગ્ર નવલકથા પ્રેમ-લાગણીના અભાવની કથા છે.” બીજા કે ત્રીજા વાચને પણ કદાચ પૂરેપૂરી અવગત ન થઈ શકે તેવી ફોકનરની આ અતિ સંકુલ રચનારીતિવાળી નવલકથામાં પ્રત્યાયનની સમસ્યા ભાવકને સ્થળે સ્થળે હંફાવે તેવી ગંભીર છે.

જાસૂસી કથાઓ અને નાટકોના સિદ્ધહસ્ત લેખક અરવિંગ સ્ટોનની વિખ્યાત ચિત્રકાર વાનગૉગનાં જીવન અને ચિત્રકલાવિષયક જીવનચરિત્રાત્મક નવલકથા ‘લસ્ટ ફૉર લાઇફ’માં વિન્સેન્ટ વાનગૉગની નિષ્ફળતાઓ, વ્યથાઓથી દાઝતો, થિયો અને વિન્સેન્ટના કલ્પનાતીત પ્રેમની હૂંફ અનુભવતો, ગાગેં, લોત્રેક, વિન્સેન્ટ વગેરે મહાન ચિત્રકારોના પાગલપણાથી આશ્ચર્ય પામતો ભાવક કથારસના ધસમસતા પ્રવાહમાં ઘસડાતો જાય છે... પોતાની પરિપૂર્ણતાની ક્ષણ તરફ જતા વિન્સેન્ટને સર્જક માયાના (કપોળકલ્પિત) પાત્ર દ્વારા પૂર્ણ બતાવે છે... સ્ટોને વિન્સેન્ટના ચિત્રકાર મિત્રોને તો અમર બનાવ્યા જ છે તે ઉપરાંત પેર તોંગી, ટપાલી રૂલે, ડૉક્ટર ગાશે જેવાં પાત્રો પણ ભાવકના ચિત્તમાં કાયમી છાપ છોડી જાય છે.”

અનેક ગુજરાતી અને દેશ-વિદેશની ઉચ્ચાવચ કોટિની નવલકથાઓના સંપર્કમાં ભાવકને મૂકી આપતો આ સમીક્ષાગ્રંથ કથાસાહિત્યમાં રસ ધરાવતા વાચકો અને અભ્યાસીઓએ અવશ્ય વાંચવા જેવો છે.

## કાવ્યામૃતનું પાન | અજય પાઠક

[**ઋતુપર્ણા** : લે. ભાનુપ્રસાદ ત્રિવેદી, પ્ર. આદર્શ પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૭, પૃ. ૧૯૯+૮, કિં. રૂ. ૧૨૦/-]

જાણીતા કવિશ્રી ભાનુપ્રસાદ ત્રિવેદીનો ‘ઋતુપર્ણા’ કાવ્યસંગ્રહ વિવિધ રીતે કાવ્યામૃતનું રસપાન કરાવે છે. ૧૯૯ પૃષ્ઠોમાં ૯૯ કાવ્યો સંગ્રહિત થયાં છે. કાવ્યકૃતિઓ ચાર વિભાગમાં વહેંચાયેલી છે. ૧૮ ગીતો, ૨૭ યુગ્મકો કહેતાં ગઝલો, ૧૮ અછાંદસ્ કાવ્યો અને ૩૬ છાંદસ્ રચનાઓથી સમૃદ્ધ આ કાવ્યસંગ્રહ છે. ૧૮ ગીતો પૈકી એક પ્રતિકાવ્ય છે. કવિ ન્હાનાલાલના કાવ્ય ‘હરિનાં દર્શન’ પરથી પ્રતિકાવ્ય ‘હરિનાં દંશન’ યોજવામાં આવ્યું છે. કાવ્યના અંતમાં કવિ પૂછે છે :

**“પૂછું એક જ પ્રશ્ન હરિ ! સખણા બેસી રહ્યા હોત તો ?**
**પેટ ચોળીને પીડા રે સૃષ્ટિની કરી ના હોત તો ?”**

પ્રતિકાવ્ય લેખે આ રચના સારી બની છે. કવિ વધુ પ્રમાણમાં પ્રતિકાવ્યો રચે તો એ દિશામાં જરૂર રસપ્રદ કામ થાય. અન્ય ગીતોમાં જે છાપ પડે છે તે રાજેન્દ્ર – નિરંજન યુગની અભિવ્યક્તિની.

**"જળ જંપે ત્યાં કોઈ રે આવી**
**રેણ-ઢબૂર્યાં નેણમાં મારાં ઘોળજો વાવોલ,**
**તાંદુલ કેરી ગઠડી છોડી**
**હળવે હળવે ગોઠડીમાં જબકોળજો વાવોલ..."**

લય, પ્રાસ વ. ઉપરાંત ગીતનું આખું બંધારણ એ યુગની યાદ આપે છે. લગભગ બધાં ગીતો ત્રણ અંતરા કે તેથી વધુમાં વિસ્તરે છે. 'વાવોલ' ઉપરાંત 'પૂછીએ કોને જઈને ?' 'બગડી જૈયે !', 'મને કોઈ મૃગજળ આપો !', 'જારના ડૂંડાના સમ !', 'અંતર', 'નફ્ફટ મેહુલિયો' વ. ઉલ્લેખનીય રચનાઓ ગણાય. 'ઠાકોર જુવાનનું 'મેઘદૂત''માં ઉત્તર ગુજરાતની લોકબોલીનો પ્રયોગ નોંધપાત્ર છે. ઈ. સ. ૧૯૬૯માં રચાયેલી આ કૃતિ 'વિશ્વમાનવ-૧૦૨'માં પ્રસિદ્ધ થયેલી. ઈ. સ. ૨૦૦૬માં પુનઃ નિર્માણ પામીને 'પરબ' ૨૦૦૭માં પ્રસિદ્ધ થઈ હતી. 'ભોનુ ભગતનું ભજનિયું'માં ભગવાનને અવતાર ધારણ કરવા અંગે ચેતવે છે અને અવતાર ધારણ કરીશ તો...

**"ભૂલેચૂકે જો ચઢ્યો ચાળે અવતારના –**
**ધરશું ના અન્નકૂટ, વેજંતી હાર ના,**
**તગડીશું વાઢવા ગવાર... જોજે લેતો હવે અવતાર !"**

કાવ્યનો ઉપાડ પણ સરસ છે :

**"હખ્ખણો રૂહેજે અલ્યા કિરતાર !**
**જોજે લેતો હવે અવતાર !"**

ઈ. સ. ૧૯૫૭માં રચાયેલી આ કૃતિ પછીથી ઈ. સ. ૨૦૦૩માં પુનઃ નિર્માણ પામી. લોકબોલીમાં ભાષાની અભિવ્યક્તિનું એકસરખું સ્તર જાળવીને કૃતિ નિર્માણ કરવાનો કવિનો અભિગમ પ્રશસ્ય છે. 'રે મુજ ગુર્જર ધરતી !' તથા 'સરદાર વલ્લભભાઈ પટેલને' એવાં બે પ્રશસ્તિગીતો છે. ગુજરાતને સહુ અન્યાય કરે છે તેવા ઉલ્લેખ સાથે પ્રકૃતિને ય વણી લઈને કવિ કહે છે :

**"તને કરે અન્યાય સહુ,**
**વણ-વાંક ઈશ પણ દંડે !**
**પીંખે નીડ દુકાળે, પૂરે**
**યા ભૂકંપ પ્રચંડે;**
**તોય હૃદય-રિદ્ધિ મા તારી કદી નહીં ઓસરતી..."**

સરદારની કાર્યસિદ્ધિને આમ બિરદાવવામાં આવી છે :

**"તોય એકછત્રત્વસિદ્ધિ કપરી તેં તો કંડારી !"**

ગઝલના સ્વરૂપમાં છેલ્લા પાંચ દાયકાથી આપણે ત્યાં ખાસ્સું સર્જન થઈ રહ્યું છે અને સાહિત્યની આબોહવામાં તેનું ભારે આકર્ષણ રહ્યું છે. ભાનુપ્રસાદ ત્રિવેદી આ સંગ્રહમાં ગઝલરચનાઓના વિભાગમાં આરંભે નોંધે છે : "અમારા સમયગાળામાં (રાજેન્દ્ર-નિરંજન યુગમાં) ગઝલને અમે સભારંજની – અસર્જનાત્મક પ્રવૃત્તિ ગણતા. 'કુમાર'ના તે સમયના તંત્રી બચુભાઈ રાવત સહિત અમને બધાને ગઝલ પરત્વે સૂગ હતી. પરિણામે હું ગઝલ લખવા ઇચ્છતો હોતો નથી – મને આવડતી પણ નથી. એટલે આ રચનાઓને તમે 'યુગ્મક' નામ આપી શકો." આવી કેફિયત અને સભાનતા છતાં આ વિભાગમાં ૨૭ 'યુગ્મક' મળે છે જેમાંની મોટા ભાગની રચનાઓ પરબ, શબ્દસૃષ્ટિ, ઉદ્દેશ, કવિતા, રંગતરંગ, ગુજરાત દીપોત્સવી વ. સામયિકોમાં પ્રગટ થયેલી છે. આ રચનાઓ નોંધપાત્ર ન ગણીએ તો પણ, ગઝલનો છંદ કવિ જાળવી શકે છે, બાહ્ય રૂપરચના જાળવી શકે છે. ગઝલને ગંભીર ભાવે સેવવાથી સારું પરિણામ લાવી શકાય તેમ જણાય છે. 'જડતું નથી'માં બે શૅર જોઈએ :

**"જડતું નથી એ ગીત જે ગાયું હતું હમણાં સુધી,**
**ફંફોસવા એને જવું પડશે હવે શમણાં સુધી."**

♦

**"ઉત્તર તમે જે ગોપવ્યા'તા ઓષ્ઠદલમાં તે હજી**
**ખોળ્યા કરું ઉચ્છલ હવામાં ગંધની રમણા સુધી."**

એ જ રીતે 'વિસ્તર્યું'માં બે શૅર નોંધીએ :

**"ઘટાઓએ કેશલ ગગન આંતર્યું,**
**ને આંખોમાં અલ્લડ સપન વિસ્તર્યું."**

♦

**"ટહુકો તો એકાદ ગ્યો'તો સરી**
**ને ચોમેર ઘેઘૂર વન વિસ્તર્યું."**

અછાંદસ્ કાવ્યોમાં 'અમદાવાદથી ગાંધીનગર જતાં' દસ પૃષ્ઠોમાં વહેતું પ્રલંબ અછાંદસ્ છે. મૂળ 'ગાંધીનગરનો રસ્તો' 'સંસ્કૃતિ' (ડિસેમ્બર ૧૯૭૮)ના અંકમાં અને પછીથી 'કવિલોક' (સપ્ટે.-ઑક્ટો. ૧૯૯૯)ના અંકમાં પ્રસિદ્ધ થયેલું આ કાવ્ય કવિની ચૌદ વર્ષની સ્વ. પુત્રી મીનાને અર્પણ થયેલું છે. કાવ્યમાંનું સમયસંયોજન, સ્મૃતિસંયોજન, સંવેદનસંયોજન આસ્વાદ્ય છે. કથન, વર્ણન અને ક્યાંક સંવાદની છાંટનો વિનિયોગ કરીને પ્રલંબ કાવ્યને રસપ્રદ બનાવ્યું છે. પ્રકૃતિ સાથેનું કવિનું મનોસંધાન મનોહર છે. ગદ્યમાં વહેતી ઉપમા અલંકારની સુંદરતા સાથે સાદી પદાવલી કાવ્યોચિત પ્રભાવ ઊભો કરે છે. એકાદ અંશ જોઈએ –

**"કોણ આ ? ...અરે ના ! એક તારા જેવડી જ કિશોરી બેઠી છે...**
**આસપાસ, સામે જોતી... આંખોમાં કેટલું છલોછલ કુતૂહલ ભર્યું છે !**
**તારી આંખો કેટલી સુંદર હતી ! મીન જેવી...**
**ગાંધીનગરનો પથ**
**નજર લાગે તેવો છે !**
**હજી તો**
**ઘોડિયાના શિશુ જેવો સોહાય છે !**

**યુનિફૉર્મ પહેરેલી સ્કૂલ-ગર્લ્સનાં ઝુંડની જેમ**
**વૃક્ષોનાં ટોળાં**
**આપણી પડખેથી લસર્યા કરે છે.**
**સામેથી લંગડી લઈને આવતી ટીન-એજર ડાળીઓ**
**લાગ મળતાં**
**બસની બારીઓને થપાટ મારી જાય છે.**
**બહુ તોફાની !**
**બહુ ટીખળી !**
**ખીચોખીચ પૂળા ભરેલી**
**સામે મળતી ઊંટ-લારીઓ**
**સૂકા ઘાસના કળાયલ મોર જેવી લાગે છે.''**

સદ્‌ગત દીકરીની સ્મૃતિનું અવલંબન અને તેના આછોતરા ઉલ્લેખો સાથે એકોક્તિના સ્વરૂપમાં વિહરતું આ દીર્ઘ અછાંદસ્ કાવ્ય કવિની ચેતનાને સુપેરે વ્યક્ત કરે છે. પછીનું કાવ્ય 'ગાંધીનગરથી અમદાવાદ જતાં' રચનારીતિની દૃષ્ટિએ ઉપરના કાવ્યની જેવું પરંતુ સંવેદનની રીતે જુદું પડતું અને 'ગાંધીનગર'ને લક્ષ્ય કરતું કાવ્ય છે.

**''પહેલી ઈંટ મુકાઈ / ત્યારથી જ / જેમની આ માતૃભૂમિ છે / તેવા આંબાઓએ તો / આ ભૂમિ પર પ્રવેશેલા / નગર સાથે / સમાધાન સાધી લીધું છે. /**

.........................

**સાવ અણઘડ વગડા હતા.**

**પણ ગાંધીનગર થતાં / બાંધકામવિદ્યા, સ્થાપત્યકૌશલ, / કલા અને સૌંદર્યદૃષ્ટિએ મળીને / કેવી નયનરમ્ય રચના કરી દીધી છે !**

કવિનો પ્રકૃતિપ્રેમ અને તેમની સૌંદર્યદૃષ્ટિનો પરિચય આપતું આ કાવ્ય પણ કવિની ચેતનાનું પરિચાયક બને છે. 'અગિયારમો અવતાર' ચૌદ પૃષ્ઠોમાં પથરાયેલું ઉત્તર ગુજરાતની લોકબોલીમાં રજૂ થયેલું દીર્ઘ અછાંદસ્ કાવ્ય છે.

**''ચ્યમ કૉન ઢાંકી દીધા બાપજી ? / કૉન અપવિતર થૉંય સં ? / તમારા હગલાનાં લખ્ખણ પરખાયાં / એ ના વેઠૉણું ?''**

આવા સંવાદથી ઊઘડતું આ કાવ્ય ભગવાન અને ભગવાનની લીલાને લોકબોલીના લહેકા સાથે રજૂ કરે છે. નાસ્તિક-આસ્તિક વચ્ચેના સંવાદની રચનારીતિથી આગળ વધતું કાવ્ય વાચિકમ્‌ના પ્રયોગમાં શોભે તેવું છે. 'રે ! મારે કવિતા લખવી છે –', 'મૃત્યુંજય', 'ટોટલી ઇર્રેલેવન્ટ સ્પેર-પાર્ટ્સ' કાવ્યોમાં અછાંદસ્ અભિવ્યક્તિનો મિજાજ પ્રગટે છે. આધુનિક સંવેદના અને તેને અનુરૂપ ભાષા કાવ્યનો પિંડ બાંધે છે. દા. ત. **''વૈખરીને વૈખરીથી અતિક્રમી જવાનું સાહસ, અને સ્વ સાથે કન્ફ્રંટેશન / મારી આંગળીઓમાં હણહણી રહ્યાં છે...**

**''તસતસતો / લોહી ફૂટે તેવો શબ્દ / મારી નસોમાં રણે ચડ્યો છે... / દૃષ્ટિપથે / એકાએક સળળક કરતો નાગ / સફાળો ઊંચો થઈ જાય ટટ્ટારુ / અંગમાં ડોલતો ઊર્જાનો વ્યંગ, / રક્તવાહિનીઓને થડકાવતી / ફણાની મૉગ્નેટિક ધાક, / ચળકતા કાળા રંગની સત્તા – / એમ મારા રોમેરોમમાં / કવિતા ફેણ માંડે છે...''** [રે ! મારે કવિતા લખવી છે –]

કવિના બાહ્યાભ્યંતર પરિવેશને આધુનિક કવિની ભાષામાં તારસ્વરે રજૂ કરી સાહિત્ય, સંગીત, કલા વગેરેમાં પ્રવેશેલી વિકૃતિ વર્ણવી કાવ્યાંતે કવિ કહે છે : **''જેના વિના આ ત્રણેય ભુવન / તમઃ કૃત્સ્નમ્ – અંધકારમય બની જાય / તેવો આ શબ્દ-જ્યોતિ તો / સૉફ્ટવેરમાં ડિજિટલ કોડ બનીને / સ્ટોર થઈ ગયો છે ! / મારે કવિતા લખવી છે, / કવિતા વિના હું કેમ જીવું ? / પરંતુ –''** [રે ! મારે કવિતા લખવી છે –]

'મૃત્યુંજય'માં કાવ્યની રચનારીતિ નોંધપાત્ર છે. આરંભ છે –

**''જમ્યા પછી / નિવૃત્તિના વૈભવરૂપ / છાપું વાંચતો બેઠો છું. / એ / બહાર દોરી પરથી સુકાયેલાં કપડાં લાવી લાવી / ઢગલો કરી / જુદી જુદી થપ્પીઓ કરી રહી છે. / પુત્રવધૂ / રસોડું ધોવાનું કે એવું કંઈ કામ કરતી હશે.''**

એમ કૅમેરા એક પરિસ્થિતિ પર ગોઠવી તરત છાપાના સમાચારો અને તેને નિમિત્ત કરી કવિ સાંપ્રત પરિસ્થિતિ પર ચૈતસિક સ્તરે પ્રતિક્રિયા આપતા જાય છે –

**''એડ્‌મિશનો – નોકરીઓ પાછળ હડકાયા કૂતરા જેવા પગ...''**

...............

**''ભયભીત – અસુરક્ષિત કાયદાપાલન અને નિષ્ઠા, / નિર્ભય-સુરક્ષિત અપરાધ...''**

.................

**''સુપાત્ર પર કુપાત્ર શાસન, / સંસ્કાર પર કુસંસ્કારનું આધિપત્ય... /''**

......................

**''ટી.વી. પર તવો કૂટતા / છીછરા ચોવટિયાઓ...''**

...............

**''પોતાના જ દેશમાં નિર્વાસિત થઈ ગયેલી / ઉજળિયાત હિંદુ-પ્રજા...''**

વળી કૅમેરા વાસ્તવિક વર્તમાન ક્ષણ પર ગોઠવાય છે –

**''અચાનક / છાપામાંથી આંખો બહાર કાઢી / હું અમથી એક નજર / પત્ની તરફ કરું છું. / એ હવે / નાનાં નાનાં / ટચૂકડાં કપડાંની / ચીવટપૂર્વક / હેતથી ગડીઓ વાળતી / થપ્પીઓ કરી રહી છે – / ચડ્ડી...ફ્રૉક...ઝભલું... /''** આ ક્રિયામાં પરોવાયેલી પત્નીના મુખભાવ નિહાળીને કવિને તેમાં 'અનિર્વચનીય વહાલની ઝાંય ફરકી જતી' દેખાય છે જેમાં પૌત્ર-પૌત્રી, પુત્રો, પુત્રવધૂઓ, કવિ સ્વયં અને સમગ્ર પરિવાર અને માનવકુળ લપેટાઈ જતાં કવિને અનુભવાય છે, ભૂત-વર્તમાન અને ભાવિને પણ વ્યાપમાં લઈ લેતું અનુભવાય છે. આ ક્ષણે કવિ કહે છે –

**''એકાએક મને થાય છે : / અમે કદી મરવાનાં જ નથી ! / છાપું ક્યારે – ક્યાં સરી પડે છે / તેની ખબર રહેતી નથી.''**

અમરત્વનો અહેસાસ આપતી આ ક્ષણનું નિરૂપણ પ્રશસ્ય છે. દાંપત્યજીવનની પ્રસન્નતા, નિવૃત્ત જીવનની સુખદ ક્ષણનું ચિત્રણ કરતું કાવ્ય ચૈતસિક સ્તરે કવિની વેદનાનું પણ પરિચાયક બને છે. અછાંદસ્ અભિવ્યક્તિમાં, દીર્ઘકાવ્યમાં પણ રચનાકૌશલ દ્વારા અંદરનું ભાવજગત અને સાંપ્રત પરિસ્થિતિથી આકુલ ચિત્ત બંનેનું યુગપત્ નિરૂપણ એક

સુંદર કાવ્ય સાંપડ્યાનો વાચકને અનુભવ કરાવે છે. આધુનિક માનવની પ્રકૃતિથી અને પરંપરાથી અલગ, દૂર થવાને કારણે ઉદ્ભવતી વેદનાનું ચિત્રણ 'ટોટલી ઇર્રેલેવન્ટ સ્પેર-પાર્ટ્સ'માં મળે છે. 'અનફિટ'માં કોઈ ડૉન ભૂલમાં કવિનું અપહરણ કરે છે અને ત્યારે ડૉન અને કવિનો જે ભાષામાં સંવાદ રચાય છે તે ફિલ્મી દુનિયાના સંવાદોમાં વાચકને લઈ જાય છે. કવિ શિષ્ટ સંસ્કૃતાઢ્ય ભાષા, સાદી બોલચાલની ભાષા, લોકબોલીની ભાષા અને ફિલ્મી દુનિયામાં પ્રયોજાતી અંડર વર્લ્ડની ભાષા પ્રયોજીને કાવ્યરચના કરે છે તે કવિની ભાષાકૌશલ / કાબેલિયતનો પરિચય કરાવે છે. 'હું શું કરું તો હું મને પાછો પામું ?' આધુનિક કવિનું સંવેદન વ્યક્ત કરતું સારું કાવ્ય છે. અહીં કોઈને રઘુવીર ચૌધરીનું કાવ્ય 'હું પોતાને છોડી ચાલ્યો આવ્યો ત્યારે મને કેમ ના વાર્યો ?' યાદ આવે. 'વિલોપન', 'જંગલ... અરણ... જંગલ...' અનુક્રમે ઈ. સ. ૧૯૫૩ અને ઈ. સ. ૧૯૬૪માં રચાયેલાં કાવ્યો છે જે ઈ.સ. ૨૦૦૭માં પુનર્નિર્માણ પામ્યાં છે, સુવાચ્ય છે. 'માંકડું'માં લોકબોલીનો ઉપયોગ કરીને માણસને માંકડું નચાવે છે તે તત્ત્વજ્ઞાનને લોકમાનસની રીતે રજૂ કર્યું છે. આ માંકડું માલિક થઈ બેઠું છે અને માણસને લાચાર સ્થિતિમાં મૂકી દીધો છે. કવિ કહે છે –

**"અને – / દોઈડીઓ એવી કશીને બાંધી રાખેલી સં / કે મોંણહ ઈમાંથી સૂટી શકેય નહિ ! / હવે એ મોંકડાનું કરવું ચ્યમનું ? / હાથમાં આવે તો તો – / પાંગોઠાં વંછેરી ના નોંખીએ ? / પણ આપણા હાથ પોંકેં તો ને ? / મારું દિયોર એટલે અધ્ધર ચડીને બેઠું સ – / ઠે...ઠ ભાની હોંડે – / કે ઈનું પૂંસડુય / હાથ આવે ઈમ નથી !**

આપણે સૌ 'તેના' હાથનાં પ્યાદાં છીએ, 'તે' નચાવે તેમ આપણે નાચવાનું છે તે વાતને લોકજીભે, લોકબોલીમાં, માંકડું પ્રતીક લઈને મૂકી આપતી સરસ રચના કરી છે. આ રચના પણ વાચિકમ્ પ્રયોગ માટે ધ્યાન ખેંચે તેવી છે.

છેલ્લા વિભાગમાં છંદોબદ્ધ રચનાઓ છે. મિશ્રોપજાતિ, મંદાક્રાન્તા, પૃથ્વી, વસંતતિલકા, પરંપરિ ઝૂલણા, માલિની, હરિણી, અનુષ્ટુપ, શાલિની + ઇંદ્રવંશા, શિખરિણી, સ્રગ્ધરા, વૈતાલીય, સવૈયા, ચોપાયા, દોહરો, રોળા, ચારણકુળ, શાર્દૂલવિક્રીડિત, વ. છંદોમાં રચનાઓ મળે છે. કવિનું છંદપ્રભુત્વ નોંધપાત્ર છે. ૩૬ છંદોબદ્ધ રચનાઓ પૈકી ૧૯ રચના સૉનેટના કાવ્યપ્રકારની છે. ૧ મુક્તક છે. કેટલાંક નાનાં તો કેટલાંક મધ્યમ કદનાં છંદોબદ્ધ કાવ્યો છે. છંદોબદ્ધ અભિવ્યક્તિમાં કવિનું સામર્થ્ય નોંધપાત્ર છે. અહીં તત્સમ શબ્દો ધ્યાન ખેંચે તેટલી માત્રામાં છે. આમ છતાં બોલચાલની ભાષામાં પણ અહીં કાવ્ય મળી આવે છે. કવિની ભાષાસમૃદ્ધિ ખરેખર પ્રશસ્ય છે.

આ વિભાગના આરંભમાં 'ઋતુ-રૂપા' શીર્ષક નીચે હેમંત-શિશિર-વસંત અને વર્ષાઋતુનાં વર્ણન આપતાં ત્રણ સૉનેટો છે. ત્યારબાદ 'મારાં ન જન્મેલાં કાવ્યોને' સૉનેટ ધ્યાનપાત્ર છે. તેનો ઉપાડ અને અંત જોઈએ :

**"ના જન્મેલાં અડિયલ અરે રુદ્ધ ગંઠાઈ ગેલાં**
**કાવ્યો મારાં કલિલ ! કરવું શું તમારું ? હઠેલાં !**
**અર્ધું પર્ધું ચરણ... સરકે પંક્તિ કો' વા કદીક,**
**સર્કે સંવેદન અકથ્ય અપીછ... ઝાંખી કશીક..."**

આવા ઉપાડ સાથે આગળ વધતું સૉનેટ પછીની બે કડીઓમાં કાવ્યો ન જન્મવાનાં કારણો અને જન્મ્યાં હોત તો કેવાં હોત તેની કલ્પના રજૂ કરીને છેવટની બે પંક્તિમાં કવિ કહે છે :

**"છો ના જન્મ્યાં, પણ અગમ કૈં વિશ્વ દીધાં ઉઘાડી;**
**લાવી મૂક્યો તટ અસીમને સીમિતેથી ઉખાડી."**

ઈ. સ. ૧૯૫૪માં લખાયેલી અને પછીથી ઈ. સ. ૧૯૯૮માં સંમાર્જિત થયેલી કૃતિ, છંદ – મંદાક્રાન્તા, શીર્ષક – શરીરાષ્ટક ધ્યાન ખેંચે છે. સંસ્કૃત સાહિત્યમાં મળી આવતાં વર્ણનોનું સ્મરણ કરાવે તેવું 'નિર્વસ્ત્ર કાય'નું વર્ણન કવિએ આપ્યું છે.

**"દીઠી એની સ્ફટિક લય શી, કામ્ય, નિર્વસ્ત્ર કાય –**
**રક્ત-સ્પંદે તરલ; તુરગો ચક્ષુના ત્યાં તણાય.**
**લજ્જાઘેરી દગ, શિથિલશા કેશ, ને ત્ર્યસ્ત શીર્ષ,**
**પર્ણે પર્ણે ટશર ભરતો કંપિત શ્વાસ-સ્પર્શ."**

'કંપિત શ્વાસ-સ્પર્શ'થી આરંભાયેલું વર્ણન 'શશ-થરકતા અજંપ અંગ' અને 'માતેલા શરદ વૃષશા તસુતસ્યા નિતંબ'ને આવરી લઈ નારીદેહના ઉત્તમાંગનું વર્ણન આપે છે –

**"ગોરંભાયા સ્તન કઠિન, મસૃણ, સંનદ્ધ, ધૃષ્ટ."**

પછી 'ઉદર પથ', 'નાભિ નીલાં વમળ', 'કટિના મરોડ'ના રસિક ઉલ્લેખ પછી કટિપ્રદેશથી નીચેનાં અંગાંગોનું વર્ણન કવિની ભાષામાં જોઈએ –

**"લીસી જંઘા ચકિત હરિણી – દ્વંદ્વ – ભીડી સ-ફાળ,**
**વચ્ચે ઝૂક્યા કુમુદ સરખો યોનિનો હ્રસ્વ ઢાળ."**

કહે છે કે 'કુમાર'ની 'બુધસભા'માંથી છૂટ્યા પછી કવિઓમાં કલાકો પર્યંત પ્રસ્તુત પંક્તિદ્વય અંગે ચર્ચા ચાલેલી.

'હે પૂર્ણના પૂર્ણ !' કાવ્યમાં મૃત્યુને આવાહન છે :

**"આ જિન્દગીમાં ન કશુંય છે સ્થિર**
**ત્યાં તું અહો જ માત્ર નિશ્ચલ !**
**સૌ સત્ય જ્યાં સંકુલ ને કઠોર**
**ત્યાં તું જ છે સ્પષ્ટ અને સુકોમલ !"**

..................................................

**"અપૂર્ણ હું; વ્યાકુલ, બદ્ધ, આતુર;**
**હે પૂર્ણના પૂર્ણ ! તું આવ સત્વર."**

સિદ્ધહસ્ત સૉનેટકાર તરીકે ઓળખાવી શકાય તેવી રચના અહીં પ્રાપ્ત થાય છે. 'કાળને ચણે', 'ભ્રાન્તિનું વરદાન', 'ગ્રીષ્મ બપોરે', 'ઉનાળો', 'વંચના', 'પ્રપંચ', 'અક્ષયપાત્ર', 'ચાલો હવે', 'અવશેષમાં' રચનાઓ સુવાચ્ય છે. છંદોબદ્ધ રચનાઓમાં પણ હળવી રચનાઓ મળે છે.

'ઋતુપર્ણા'માં ભાનુપ્રસાદ ત્રિવેદી ખરે જ કાવ્યામૃતનું રસપાન કરાવે છે.

## અમદાવાદ વિશે | ડૉ. જયકુમાર ર. શુક્લ

[**આ છે અમદાવાદ :** લેખક : ડૉ. માણેકભાઈ પટેલ 'સેતુ', પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પહેલી આવૃત્તિ : નવેમ્બર ૨૦૦૭, પૃ. ૫૭૬+૧૮, કિં. રૂ. ૬૫૦]




પ્રસ્તુત ગ્રંથ અમદાવાદ શહેરના દાંતના પ્રસિદ્ધ ડૉક્ટર માણેકભાઈ પટેલે લખીને નવી કેડી કંડારી છે. તેમણે અગાઉ 'અમદાવાદકથા' નામનો અમદાવાદના ઇતિહાસનો ગ્રંથ ગૂર્જર પ્રકાશનમાંથી ૧૯૯૬માં પ્રગટ કર્યો હતો. તેમનો આ બીજો ઇતિહાસવિષયક ગ્રંથ છે. દાંતના એક સફળ ડૉક્ટર, ઇતિહાસલેખનમાં પણ એટલા જ સફળ પુરવાર થયા છે, એમ તેમનાં બંને પુસ્તકો વાંચતાં ખાતરી થાય છે.

ઇતિહાસમાં સામાન્ય માનવી તથા તેનાં કાર્યોની નોંધ લેવી જોઈએ, એવા વિચારો ૧૮મી સદીમાં યુરોપમાં ઉદ્ભવ્યા હતા. ફ્રેન્ચ ચિંતક વોલ્ટેરે (૧૬૯૪-૧૭૭૮) તેના ગ્રંથમાં જણાવ્યું છે કે સમાજના બધા વર્ગના લોકોનાં કાર્યોને ઇતિહાસમાં સ્થાન મળવું જોઈએ. આ વિચારોને અનુરૂપ ડૉ. માણેકભાઈએ આ ગ્રંથ લખ્યો છે. તેમણે માત્ર શાસકો, ધર્માચાર્યો કે ધનિકોનો જ ઇતિહાસ નથી લખ્યો, પરંતુ અમદાવાદની અસ્મિતાને પોષનાર, તથા તેમાં સતત વધારો કરનાર વિવિધ ક્ષેત્રના અગ્રણીઓનો અને તેઓની લાક્ષણિકતાઓનો આધારભૂત ઇતિહાસ લખ્યો છે. તેમાં વેપારીઓ, ઉદ્યોગપતિઓ, સમાજસેવકો, કેળવણીકારો, ચિત્રકારો, સાહિત્યકારો, શિલ્પકારો, નારીરત્નો, સંગીતકારો વગેરે સમાજને સંસ્કારી બનાવીને ઉત્કૃષ્ટ સ્થાન અપાવનાર સૌ કોઈનો ઇતિહાસ આલેખીને એક મહત્ત્વનું કામ કર્યું છે. લેખકે અમદાવાદ શહેરની મહત્ત્વની સંસ્થાઓ – શિક્ષણસંસ્થાઓ, સંગ્રહાલયો, હસ્તપ્રતભંડારો, ગ્રંથાલયો, ચિકિત્સાલયો વગેરેની ઉપયોગી અને પ્રમાણભૂત માહિતી આપી છે. આ સંસ્થાઓમાં મહાનગરપાલિકા, ગાંધી આશ્રમ, ગૂજરાત વિદ્યાપીઠ, ગુજરાત યુનિવર્સિટી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિદ્યાસભા, જ્યોતિસંઘ વગેરેની સ્થાપના, તેનો વહીવટ તથા વહીવટદારોનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

ગ્રંથ લખતા અગાઉ, લેખકે વિવિધ ક્ષેત્રોના તથા અમદાવાદ સાથે સંકળાયેલા અનેક વ્યક્તિવિશેષની મુલાકાતો લીધી છે. વારંવાર મુલાકાતો લીધી છે. અવસાન પામેલા મહાનુભાવોના પરિવારજનોની પણ મુલાકાતો લઈને, શક્ય એટલી અધિકૃત સામગ્રી ભેગી કરી છે. આ સર્વ સામગ્રીનો પ્રસ્તુત ગ્રંથમાં સચિત્ર તથા સુચારુ સંચય કરવામાં આવ્યો છે. તેમનું લખાણ રસપ્રદ અને શૈલી સરળ છે. પુસ્તકનું શીર્ષક 'આ છે અમદાવાદ' બધી રીતે યોગ્ય છે. અમદાવાદ વિષે જાણવા ઇચ્છતા લોકો તથા સૌ ગુજરાતીઓને આ ગ્રંથ અવશ્ય ઉપયોગી થશે, એવો મારો અભિપ્રાય છે. આવો ઉપયોગી ગ્રંથ પરિશ્રમ-પૂર્વક લખવા બદલ ડૉ. માણેકભાઈ પટેલને તથા તેને પ્રગટ કરવા બદલ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયને હાર્દિક અભિનંદન !

❒





# પરિષદવૃત્ત



**સંકલન : અનિલા દલાલ**

### શ્રી રતનજી માર્શલનું સન્માન

પ્રમુખશ્રી નારાયણભાઈ દેસાઈના સૂચન અને કાર્યવાહક સમિતિના નિર્ણય મુજબ તા. ૪-૧-૦૯ના રોજ પત્રકારત્વ અને નાટ્યપ્રવૃત્તિમાં નોંધપાત્ર ફાળો આપનાર ૯૮ વર્ષના શ્રી રતનજી માર્શલનું સાહિત્ય પરિષદ તરફથી ગૌરવ સન્માન કરવામાં આવ્યું. તેમની વય અને શારીરિક મર્યાદાને કારણે તેમને ઘેર જઈ સન્માન કર્યું, જેમાં પૂર્વપ્રમુખશ્રી ધીરુબહેન પટેલે શાલ ઓઢાડી અને પરિષદપ્રમુખશ્રી નારાયણભાઈએ સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું. શ્રી રતનજીએ લગભગ ૪૫ મિનિટ સુધી આપેલું વક્તવ્ય – તેમની અનુભૂતિઓ, પારસી સમાજ અને તેમની ઉપલબ્ધિઓ – અત્યંત પ્રેરક રહ્યાં. તેમના સ્વજનોએ આમંત્રિત મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યું.

### રવીન્દ્રભવનના ઉપક્રમે

રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૭-૧-૨૦૦૯ બુધવારે સાંજે શ્રી ભોળાભાઈ પટેલે ટાગોરની નવલકથા 'અનુરંગ' વિશે વિશ્લેષણાત્મક પ્રવચન કરતાં તેમાં કેન્દ્રસ્થાને રહેલી નાયિકા રવીન્દ્રનાથની નારી દામિનીના પાત્રને ઉપાડી આપ્યું. પછી શ્રી નિરંજન ભગતે પૂર્તિ કરતાં નવલકથાનાં અન્ય પાસાંઓ પર પ્રકાશ પાડ્યો.

### 'વાંચે ગુજરાત' પ્રોજેક્ટ અંગે

નવસારીની સયાજી લાયબ્રેરીએ ગુજરાત સરકારને 'વાંચે ગુજરાત' એવો એક પ્રૉજેક્ટ આપ્યો હતો. સરકાર આર્થિક મદદ કરે અને સમગ્ર પ્રૉજેક્ટ ગુજરાતી સાહિત્ય પરિષદ અને સયાજી લાયબ્રેરી દ્વારા ચાલે. એ અનુસાર તા. ૭-૧-૨૦૦૯ના દિવસે શ્રી નારાયણભાઈની ઉપસ્થિતિમાં બન્ને સંસ્થાના કાર્યવાહકોની એક પ્રાથમિક બેઠક યોજવામાં આવી. પછી આ મોટા અભિયાનની વિસ્તૃત અને વિગતે માહિતી માટે પરિષદભવનમાં રવિવાર તા. ૧૮-૧-૨૦૦૯ના રોજ સહઆયોજકો અને રસ ધરાવનાર સંસ્થાઓ, વ્યક્તિઓની એક સભા યોજાઈ, જેમાં ઘણાં સૂચનો, માર્ગદર્શન મળ્યાં. ફરી એક સમિતિની રચના કરવાનું વિચારવામાં આવ્યું.

### શ્રી જયંતિ એમ. દલાલ ષષ્ટિપૂર્તિ ફાઉન્ડેશન અંતર્ગત

પરિષદઅંતર્ગત શ્રી જયંતિ એમ. દલાલ ષષ્ટિપૂર્તિ ફાઉન્ડેશનના ઉપક્રમે શ્રી ધીરુભાઈ પરીખે તા. ૧૭-૧-૨૦૦૯ શનિવારની સાંજે આ ફાઉન્ડેશનઅંતર્ગત પ્રથમ વ્યાખ્યાન આપ્યું. ફાઉન્ડેશને વ્યક્ત કરેલી ઇચ્છા મુજબ પરદેશનિવાસી ગુજરાતી સર્જકની કૃતિ અને તેનો થયેલો અંગ્રેજી અનુવાદ – એ બન્નેને ધ્યાનમાં રાખી શ્રી જય ગજ્જરની કૃતિ 'પથ્થર થરથર ધ્રૂજે' – અંગ્રેજી અનુ. The Shaddenig Stones – મંજુ વર્મા – ને સમિતિએ પસંદ

કરી હતી. શ્રી ધીરુભાઈએ નવલકથામાં બનતી ઘટનાઓની વિગતો, બન્ને સંસ્કૃતિઓનો – પાશ્ચાત્ય અને ભારતીય – સમન્વય, શ્રી વિવેક દેસાઈનું કેન્દ્રવર્તી પાત્ર વગેરેની ઝીણવટથી અને વિશદતાથી છણાવટ કરી. અંગ્રેજીમાં થયેલા અનુવાદની પણ વાત કરી, અને દર્શાવ્યું કે દરેક ભાષાની વિશેષતાઓ હોય, જેને બીજી ભાષામાં – અહીં અંગ્રેજીમાં – ઉતારવાનું ક્યાંક મુશ્કેલ બન્યું છે, પણ અનુવાદ મળ્યો છે તેથી ઘણાંઓ સુધી કૃતિ પહોંચી શકશે – અધ્યક્ષસ્થાનેથી શ્રી કુમારપાળ દેસાઈએ શ્રી જય ગજ્જરની કૃતિઓની અને એમનાં વ્યક્તિત્વની વાત કરી. શ્રી પ્રફુલ્લભાઈ રાવલે આભારદર્શન, મનસુખભાઈએ વક્તાનો પરિચય અને શ્રી અનિલા દલાલે આ અનુદાનથી જે પ્રકારનાં પ્રવચનોનો હેતુ જોડાયો છે તેની વિગત આપી. શ્રી જયંતિ એમ. દલાલે શુભેચ્છા પાઠવી હતી. શ્રી જય ગજ્જરે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

### શ્રી ફકીરભાઈ વાઘેલા સાથે સ્નેહમિલન

ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારોનો અર્પણવિધિ પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં તા. ૨૧-૧-૦૯ની સાંજે યોજાયેલો, ત્યારે મુખ્ય મહેમાન તરીકે આવેલા યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિના પ્રધાન શ્રી ફકીરભાઈ વાઘેલાનું પરિષદ વતી ટ્રસ્ટી શ્રી રઘુવીરભાઈ અને કોષાધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ તેમજ અન્ય સભ્યોએ સ્વાગત કર્યું હતું. અને પરિષદની પ્રવૃત્તિઓની, પરિષદ ભવનની જાણકારી આપી હતી. નાનકડું સ્નેહમિલન એ રીતે યોજાઈ ગયું.

### બાળસાહિત્યલેખનની પ્રક્રિયાની કાર્યશાળા

પરિષદઅંતર્ગત એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિની બાળસાહિત્યલેખનની પ્રક્રિયાની કાર્યશાળા તા. ૧૯-૧-૦૯ના રોજ શ્રી ધીરુબહેન પટેલની હાજરીમાં યોજાઈ. શ્રી ધીરુબહેને સૌને માર્ગદર્શન આપી વધુ સારું લખાણ કરવા તરફ સૂચન કર્યું. ગુજરાતમાં સમગ્રપણે આવી કાર્યશાળાઓ યોજાય એવી ભાવના તેમણે વ્યક્ત કરી અને પછી એ લખાણોમાંથી પસંદ થયેલી કૃતિઓની લેખિકાઓ સર્વેનું એક મિલન એક સ્થળે યોજાય એવી અભિલાષા દર્શાવી.

### સર્જક સાથે સંવાદ અંતર્ગત...

'સર્જક સાથે સંવાદ' અંતર્ગત પરિષદમાં ચાલતી પ્રવૃત્તિઓમાં અંતર્ગત તા. ૨૦-૧-૦૯ના રોજ 'વાર્તાઓમાં ભાષાશુદ્ધિ' એ વિશે શ્રી રતિલાલ બોરીસાગરે ઉદાહરણો સહિત માર્ગદર્શન આપ્યું. ભાષાની શુદ્ધિ એ લેખનકળામાં પાયાની બાબત છે અને એ પ્રત્યેની કાળજી અનિવાર્ય છે તેમ તેમણે જણાવ્યું.

### ભાવનગર ગદ્યસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ સંચાલિત ....સર્જક સંવાદ.... ભાવનગર

### ભાવનગરમાં સુપેરે સંપન્ન થયેલ સર્જકસંવાદ સમારોહ

સર્જક સંવાદ, ભાવનગર ગદ્યસભા અને ગુજરાતી લેખક મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮-૧૨-૦૮ ને રવિવારે ભાવનગરમાં બી. એમ. કૉમર્સ સ્કૂલ ખાતે નવોદિત સર્જકોની સિસૃક્ષાને સંકોરતો પરિષદનો કાર્યક્રમ સર્જકસંવાદ તેમજ પ્રતિભા ઠક્કરના લઘુકથાસંગ્રહ 'પઝલનો માણસ'નો લોકાર્પણ સમારોહ સફળતાપૂર્વક યોજાઈ ગયો.

સર્જક સંવાદના આ કાર્યક્રમમાં શહેરના ચાલીસેક નવોદિત સર્જકોએ ભાગ લીધો હતો. જેમાં ગંભીરસિંહ ગોહિલ, ગુણવંત ઉપાધ્યાય, મનીષી જાની, માય ડિયર જયુ, નીતિન ત્રિવેદી, શ્રી વિનોદ જોષી વગેરેએ પ્રોત્સાહક હાજરી આપી હતી. પરિષદપ્રેરિત અને આયોજિત આ કાર્યક્રમમાં શ્રી બી. એમ. શાહ એજ્યુકેશન સોસાયટી સંકુલ ઉપરાંત ભાવનગર ગદ્યસભા, બુધસભા, ભાષાસાહિત્યભવન તથા ગઝલ વિદ્યાપીઠ જેવી સ્થાનિક સાહિત્યસંસ્થાઓનો સક્રિય સહયોગ સાંપડ્યો હતો. જેમાં પરેશ કળસરિયાએ પોતાની રચનાઓની રજૂઆત કરી હતી અને પોતાની અલગ શૈલીમાં 'સ્ટેજ પોએટ્રી' અને 'પેઇઝ પોએટ્રી'ની વિભાવનાઓ પણ સમજાવી હતી. તો ડૉ. ફિરદૌસ દેખૈયાએ નમૂનારૂપ તરન્નુમ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. અન્ય સર્જકોએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. અંતમાં તજજ્ઞ શ્રી માય ડિયર જયુએ આ પ્રકારના સંવાદોને જીવંત રાખવા તેમજ નીતિન ત્રિવેદીએ સર્જકોની વિકાસરેખાને એકસૂત્રતામાં આગળ વધારવા પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સર્જક સંવાદનું સંચાલન અજય ઓઝાએ કર્યું હતું અને રમેશ પુરબીયાએ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.

ત્યારબાદ ઍડવૉકેટ પ્રતિભા ઠક્કર લિખિત લઘુકથાસંગ્રહ 'પઝલનો માણસ'નો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખસ્થાને શ્રી મનીષી જાની ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશેષ અતિથિવક્તા તરીકે પ્રખ્યાત સર્જકો એવા ડૉ. શરદ ઠાકર અને કાજલ ઓઝા વૈદ્ય ઉપસ્થિત રહ્યાં હતાં.

**અજય ઓઝા**

### આગામી કાર્યક્રમો

કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનશ્રેણીનું પ્રથમ વ્યાખ્યાન શ્રી અભય બંગ તા. ૨૮-૨-૦૯ સાંજે છ વાગે પરિષદભવનમાં 'મહાત્મા સે મુલાકાત' વિશે આપશે.

❐

# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## કોશ સાહિત્યના વિભાવના અને પ્રકારો

૧૮ જાન્યુઆરીએ વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય 'કોશસાહિત્યની વિભાવના અને પ્રકારો' પરિસંવાદ યોજાયો હતો જેમાં ધીરુભાઈ ઠાકર, કિરીટ દૂધાત, ચંદ્રકાન્ત શેઠ, કુમારપાળ દેસાઈ, ચંદ્રકાન્ત ટોપીવાળા, બી. એમ. મૂળે, તલાટી સાહેબ, ધીરુ પરીખ, પ્રીતિ શાહ, નલિની દેસાઈ ઇત્યાદિએ વિવિધ વિષયાંગ પર વક્તવ્ય આપ્યા હતા.

## ગુજરાતી વિશ્વકોશના ૨૪મા ખંડનું વિમોચન

૨૪ જાન્યુઆરીએ ગુજરાતી વિશ્વકોશના ૨૪મા ખંડનું વિમોચન મુખ્યમંત્રીશ્રીના શિક્ષણ સલાહકાર અને શિક્ષણવિદ્ શ્રી કિરીટભાઈ જોષીના હસ્તે થયું હતું. અધ્યક્ષસ્થાને પ્રો. અનિલ ગુપ્તા હતા.

## બાલસાહિત્ય અકાદમીનું અધિવેશન

૧૧ જાન્યુઆરીએ બાલસાહિત્ય અકાદમીનું અધિવેશન યોજાયું હતું. જેમાં વિવિધ સ્પર્ધામાં વિજેતા થનારને પારિતોષિક અપાયાં હતાં. બાલસાહિત્ય ક્ષેત્રે સુદીર્ઘ કામ કરનાર ડૉ. મધુસૂદન પારેખનું સન્માન કરાયું હતું.

## 'મિજાજ' ગઝલસંગ્રહનું લોકાર્પણ

૨૩ ડિસેમ્બરે સાહિત્યસંગમના ઉપક્રમે કિરણકુમાર ચૌહાણના ગઝલસંગ્રહ 'મિજાજ'નું લોકાર્પણ ડૉ. દિલીપ મોદીના હસ્તે થયું હતું.

## 'સુન્દરમ્ શતાબ્દીવંદના વિશેષાંક'નું વિમોચન

વલસાડના 'સંસ્કાર મિલન'ના ઉપક્રમે ઉશનસ્‌ના પ્રમુખપદ હેઠળ 'સુન્દરમ્ શતાબ્દીવંદના વિશેષાંક'નું વિમોચન 'ઉદ્દેશ'ના તંત્રી પ્રબોધ જોશીના હસ્તે થયું હતું. અતિથિ વિશેષ ચંદ્રકાન્ત શેઠ હતા.

## ભાષા-ભવનના ગુજરાતી વિભાગમાં મધ્યકાલીન કૃતિઓ વિષે પરિસંવાદ

ભાષાસાહિત્ય ભવનના ગુજરાતી વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'મધ્યકાલીન ગુજરાતી કૃતિઓ' પઠન અને આસ્વાદ વિષે ૩-૪ જાન્યુઆરીએ પરિસંવાદ યોજાયો હતો જેમાં વાઈસ ચાન્સેલર પરિમલ ત્રિવેદી ઉપસ્થિત હતા અને લાભશંકર પુરોહિત, ચન્દ્રકાન્ત ટોપીવાળા, ધીરુ પરીખ, કે. બી. શાહ, અભય દોશી, હસુ યાજ્ઞિક, બળવંત જાની, દર્શના ધોળકિયા, નિરંજન રાજ્યગુરુ, રમણ સોની ઇત્યાદિ વિદ્વાનોએ મધ્યકાલીન કૃતિઓ વિશે વક્તવ્યો રજૂ કર્યાં હતાં. કીર્તિદા શાહે ભૂમિકા અને આભાર પ્રદર્શિત કરેલ.

## ગાંધીજીના ગ્રંથો વિષે પરિસંવાદ

૨૭ નવેમ્બરના રોજ 'હિંદ સ્વરાજ', 'આત્મકથા' અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' એ ગાંધીજીનાં ત્રણ પુસ્તકો વિષે એમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પરિસંવાદ યોજાયો હતો.

## ગાંધીનગર સાહિત્ય સભાનો દશાબ્દી મહોત્સવ

ગાંધીનગર સાહિત્ય સભાએ તેના સ્થાપનાકાળનાં દસ વર્ષો પૂરાં થતાં દશાબ્દી મહોત્સવની ઉજવણી ભવ્ય રીતે કરી. તા. ૧૩ ડિસેમ્બરના રોજ શનિવારે મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી મોહમ્મદ માંકડે દીપપ્રાગટ્ય કરી મહોત્સવના કાર્યક્રમને ખુલ્લો મૂક્યો. મુખ્ય મહેમાન તરીકે જાણીતા લેખક ડૉ. શ્રી પ્રવીણ દરજી ઉપસ્થિત રહ્યા હતા. નવલકથા સ્વરૂપે 'નવલકથાલેખન વિષેનો મારો અભિગમ અને અનુભવ' વિષયે જાણીતા નવલકથાકાર લેખક ડૉ. કેશુભાઈ દેસાઈએ મનનીય વક્તવ્ય આપ્યું હતું. એ જ રીતે નવલિકાસ્વરૂપે 'ટૂંકી વાર્તાના સર્જન સામે મથામણ અને પડકારો' વિષયે જાણીતા નવલિકાકાર લેખક શ્રી રાઘવજી માધડે રસપ્રદ વક્તવ્ય આપ્યું હતું. આ વિભાગના અધ્યક્ષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી કિરીટ દૂધાત ઉપસ્થિત હતા.

પદ્ય સાહિત્યના સ્વરૂપમાં 'કવિતાની ક્ષણનો કાર્ડિયોગ્રામ' વિષયે ભાગ્યેશ જહાએ અને ઉશનસ્‌ની છાંદસ કવિતા વિષે ડૉ. રશ્મિકાન્ત મહેતાએ તથા સમગ્ર પદ્યસ્વરૂપ વિષે શ્રી ડૉ. દલપત પઢિયારે ઉદ્‌બોધન કર્યું હતું.

રાત્રે સાક્ષરવર્ય કનૈયાલાલ મુનશીની નવલકથા 'ગુજરાતનો નાથ'નું નાટ્યરૂપાન્તર ડૉ. રન્નાદે શાહે કરેલું છે, તે ટાઉનહૉલ ખાતે રજૂ થયું હતું. સહયોગ અને સૌજન્ય ગાંધીનગર કલ્ચરલ ફોરમનું રહ્યું હતું.

❐

### જોઈએ છે

ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઇટના વિકાસ માટે કોમ્પ્યૂટરમાં ગુજરાતી ટાઇપિંગ કરી શકે તેવા કોમ્પ્યૂટર ઑપરેટરની જરૂર છે. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૧૫-૩-૦૯ સુધીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યાલયમાં અરજી કરવી.

## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




**['ગુજરાતી નાટક'** : સતીશ વ્યાસ, પ્ર.આ. ૨૦૦૯, ડિમાઈ, પાકું પૂંઠું, પૃ. ૮+૩૨૬, રૂ. ૧૭૫]

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય-મંદિર અંતર્ગત શ્રી ભોગીલાલ સાંડેસરા સ્વાધ્યાયપીઠના સંશોધક અધ્યાપક તરીકે વરાયેલા, ગુજરાતીના જાણીતા નાટ્યલેખક અને વિવેચક શ્રી સતીશભાઈ વ્યાસના સ્વાધ્યાયના ફળસ્વરૂપે 'ગુજરાતી નાટક' (વિવેચન) પ્રકાશિત થાય છે. દલપતરામકૃત 'લક્ષ્મી નાટક'થી આરંભાઈને પરેશ નાયકકૃત નાટક 'ઈ.સ. ૨૦૨૨' સુધી વિસ્તરતા આ પુસ્તકમાં ગુજરાતી નાટકનાં ભરતીઓટ વિશે જ નહીં, યુગકારી પ્રભાવ અને તેનાં પરિબળો વિશે વિચારણા થઈ. નાટ્યસમીક્ષાની પૂર્વે લેખકે એક વિશિષ્ટ સ્વરૂપ લેખે નાટકની વિલક્ષણતાઓ ચીંધી છે; એટલું જ નહીં, નાટ્યસર્જનની પ્રક્રિયા અને પ્રસ્તુતિનો પણ વિચાર કર્યો છે. અહીં પારસી નાટકોની વાત છે, તેમજ ઉમાશંકરના અગ્રંથસ્થ 'અનાથ' નાટકની પણ વાત છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી નાટકોનાં સ્થિત્યંતરોનું અહીં આલેખન થયું છે. અપેક્ષા છે નાટ્યલેખન-વિવેચન અને નિર્માણ – ઉભય પક્ષે કાર્યરત સૌને આ ગ્રંથની સહાય મળશે.




**['મારો અસબાબ'** : જનક ત્રિવેદી, પ્ર. આ. ૨૦૦૮, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૧૪+૧૪૨, કિં. રૂ. ૮૦/-]

'બાવળ વાવનાર અને બીજી વાતો' વાર્તાસંગ્રહ માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મેળવનાર જનક ત્રિવેદીનો આ નિબંધસંગ્રહ પરિષદ દ્વારા અને આચાર્ય કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલિ પ્રકાશન સમિતિના સૌજન્યથી મરણોત્તર પ્રકાશિત થઈ રહ્યો છે. તેઓ સારા વાર્તાકાર અને નિબંધકાર હતા. એમના આ નિબંધોમાં નિરૂપાયેલાં ભાતીગળ પાત્રો, પોતાનાં સંતાનો જેવો જ પ્રાણી-પક્ષીઓ માટેનો અપત્ય સ્નેહ, રેલવેસંસારની અવનવી વાતો, કાઠિયાવાડી બોલીના બળકટ પ્રયોગો, વિશિષ્ટ રીતે નિરૂપાયેલાં શૈશવ-ચિત્રો, પિતા વિશેનું આલેખન, લેખકનું ઝિલાયેલું મનોગત વગેરે આસ્વાદ્ય છે. કિરીટ દૂધાત લખે છે તેમ "આ નિબંધો પોતાની અંગત અનુભવની નીપજ હોવા છતાં તેમાંથી અળગા રહીને, બહાર ઊભીને જોવાની નિબંધકારની શૈલીને કારણે વાચક અહીં સીધો જ, સર્જકીય દખલગીરી વગર એમાં પ્રવેશ પામે છે... અહીં નિબંધકારની આંગળી પકડવાની જરૂર પડતી નથી. આ છે જનક ત્રિવેદીનું કલાકૌશલ્ય !" સહૃદયો આ પુસ્તકને ઉમળકાભેર આવકારશે એવી અપેક્ષા.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭





## ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત તદ્દન નવાં પ્રકાશનો




**['ઓળખ્યાં એવાં આલેખ્યાં'** : મુનિકુમાર પંડ્યા, પ્ર.આ. ૨૦૦૭, ડિમાઈ, કાચું પૂંઠું, પૃ. ૮+૧૫૯, કિં. રૂ. ૭૫/-]

મુનિકુમાર પંડ્યા આપણા વાર્તાકાર અને ચરિત્ર-લેખક છે. તેમની કૃતિઓ વિવિધ સાહિત્યિક સામયિકોમાં પ્રગટ થતી રહી છે. 'ઓળખ્યાં એવાં આલેખ્યાં'નાં ચરિત્રોની રેખાઓ લેખકે ઝીણવટપૂર્વક ઉપસાવી છે. વળી, પ્રશ્નોરા જ્ઞાતિની લાક્ષણિકતા – નર્મ-મર્મભરી વાણી – આ ચરિત્રોના આલેખનમાં પ્રગટ થાય છે. કાઠિયાવાડી બોલીનો લહેકો અહીં સરસ રીતે ઝિલાયો છે. ચરિત્ર-આલેખન-સર્જકની કલમ ધ્યાનાકર્ષક છે. લેખક કહે છે : 'અહીં મુકાયેલા મોટાભાગના ચરિત્રનિબંધો પ્રત્યક્ષ પરિચયમાંથી લખાયાં છે. સાહિત્યસર્જકોનાં ચરિત્રોમાં એમનાં લખાણોનો આધાર પણ લીધો છે.'

આશા છે, આ ચરિત્રો ભાવકોને ગમશે.




**'ભીલી-ગુજરાતી શબ્દકોશ'** : સં. શાંતિભાઈ આચાર્ય, પહેલી આવૃત્તિ : ૨૦૦૬, પૃષ્ઠ : ૧૬+૮૦, કિં. રૂ. ૫૫/-.

ગુજરાતી ભાષાના સંશોધક-અભ્યાસી વિદ્વાન ડૉ. શાંતિભાઈ આચાર્યસંપાદિત ભીલી (ઉત્તરની ભીલી) શબ્દાવલિમાં સાડા ચાર હજાર શબ્દોનો સંગ્રહ છે. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા વિસ્તારમાં વસતી ડુંગરી ભીલ આદિવાસીઓની (ઉત્તર ભીલી) ભાષા-સામગ્રી એકત્રિત કરવા માટે ઈ.સ.૧૯૬૪થી શાંતિભાઈએ ક્ષેત્રકાર્ય શરૂ કરેલું. ગુજરાતીના સંદર્ભે આ ભાષાસ્વરૂપની જે વિશેષતાઓ જોવા મળે છે એની ઝીણવટભરી નોંધ આ પુસ્તકમાં જોવા મળે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદસંચાલિત કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર અંતર્ગત અને મેઘાણી જ્ઞાનપીઠ પ્રકાશનશ્રેણીના આઠમા મણકા તરીકે 'ભીલી-ગુજરાતી શબ્દકોશ'નું પ્રકાશન થઈ રહ્યું છે. અભ્યાસીઓને તે ઉપયોગી થશે તેવી અપેક્ષા છે.

### ગુજરાતી સાહિત્ય પરિષદ

નદીકિનારે, 'ટાઇમ્સ' પાછળ, આશ્રમમાર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭